CITYNEWSRAJKOT@GMAIL.COM | @City News Rajkot Live | @CITY NEWS RAJKOT | +91 81409 88883


Page 12


# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 44, Dt. 19-06-2026 (FRIDAY) Rs. 02/- **Page :** 26, RNI No. GUJGUJ/2023/84789


## સિટી ન્યૂઝનું કોટેચા ચોકમાં ચાર કલાકનું ગ્રાઉન્ડ ઝીરો રિપોર્ટિંગ



તસવીરઃ અક્ષય ગોંડલિયા

# રાજકોટને ટ્રાફિક મુક્ત માટે ઉકેલ તૈયાર કોટેચા ચોકના બેરીકેટથી ટ્રાફિકમાં સુધારો!

### જ્યાં ગેપ છે ટ્રાફિક થાય છે ત્યાં સાંજે 5 થી 9 બેરીકેટ મૂકવાથી ફાયદો થશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં સાંજના સમયે બહાર નીકળવું એટલે લોકો માટે "તોબા તોબા" જેવી સ્થિતિ બની ગઈ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ભારે ટ્રાફિક જામના કારણે નાગરિકોને રોજિંદી જીવનમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તાજેતરમાં કોઠેચા ચોક નજીક ટ્રાફિક નિયંત્રણ માટે બેરીકેડ મૂકવામાં આવ્યા હતા, જેને લઈને શરૂઆતમાં લોકોમાં રોષ જોવા મળ્યો હતો. પરંતુ સિટી ન્યૂઝની ટીમ દ્વારા સાંજે સતત ચાર કલાક સુધી કરવામાં આવેલા ગ્રાઉન્ડ રિપોર્ટિંગમાં એક મહત્વપૂર્ણ હકીકત સામે આવી છે. રિપોર્ટ મુજબ, અગાઉ અંદર બ્રિજ તરફથી આવતા વાહનચાલકોને ૨૦ થી ૩૦ મિનિટ સુધી ટ્રાફિકમાં ફસાવું પડતું હતું, જ્યારે બેરીકેડ મુકાયા બાદ આ સમય ઘટીને આશરે ૧૦ મિનિટ જેટલો રહ્યો છે. એટલે કે, આ પગલાંથી ટ્રાફિક સમસ્યામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. આથી સ્પષ્ટ થાય છે કે, શહેરમાં ટ્રાફિક સમસ્યા હલ કરવા માટે લેવામાં આવેલ આ નિર્ણય અસરકારક સાબિત થઈ રહ્યો છે. હવે માંગ ઉઠી રહી છે કે રાજકોટ શહેરના અન્ય ટ્રાફિક પ્રભાવિત વિસ્તારોમાં પણ આ પ્રકારના "કોઠેચા ચોક મોડલ"નો અમલ કરવામાં આવે. જો રાજકોટને મેટ્રો શહેર તરીકે વિકસાવવું હોય, તો માત્ર તંત્રના પ્રયાસોથી નહીં પરંતુ નાગરિકોના સહયોગથી જ શક્ય બનશે. ટ્રાફિક મેનેજમેન્ટ માટે લેવાતા આવા નિર્ણયોનો લોકો દ્વારા સ્વીકાર અને સહકાર ખૂબ જ જરૂરી છે. હાલ માટે, સાંજે ૫ થી ૯ વાગ્યા દરમિયાન ટ્રાફિકના પીક અવર્સમાં શહેરના વિવિધ "ગેપ" વિસ્તારોમાં પ્રાયોગિક ધોરણે બેરીકેડ મૂકીને ટ્રાફિક સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ.

### બપોરે 1 થી 5 રાહત આપો

## સાંઢિયા પૂલ ઉતરતા બેરીકેટ ખૂબ જ જરૂરી



સર્વિસ રોડ એક હોવાથી લોકો રોંગ સાઈડમાં જાય છે તે બંધ કરવું જરૂરી

રાજકોટને મેટ્રો સિટી બનાવવા આકરા નિર્ણય જરૂરી

**પોલીસને ખબર ના પડે તેમ નશાકારક શંકાસ્પદ માલ સગેવગે થઈ ગયો**

# સિટી ન્યૂઝ સ્ટિંગની અસર
# નશાનો કારોબાર કરનાર મેડિકલ સ્ટોર બંધ !






સિટી ન્યૂઝ Rajkot 07 | 18 JUNE 2026, THURSDAY

મવડીમાં નશાનો કાળો કારોબાર જૈસે થૈ !

**રાજકોટમાં 'સીરપ માફિયા' બેફામ**
**6 મહિનામાં કોડવર્ડ બદલાયો, ધંધો યથાવત!**

**અગાઉ બહારની પોલીસ એક્શનમાં આવી હતી, સ્થાનિક તંત્ર સાયલન્ટ**
યુવાધનને બરબાદ કરવાનું સૌથી મોટું ષડયંત્ર

**એસપી અને 10 માંથી હવે કોડવર્ડ બન્યો 'ટીકડા'!**

રાજકોટઃ મવડી વિસ્તારમાં મેડિકલ સ્ટોરની આડમાં નશાનો કાળો કારોબાર, કોડવર્ડથી થતું વેચાણ

**આ છે પૂરાવા**

**મોટો સવાલઃ શું મેડિકલનું લાઈસન્સ કાયમી રદ્દ થશે?**

- 'સિટી ન્યૂઝ'ના આ ધારદાર અહેવાલ બાદ હવે જનતાના મનમાં સવાલો ઉઠી રહ્યા છે
- શું તંત્ર આ અહેવાલ પછી પણ ઘોરતું રહેશે કે પછી જાગશે?

સિટી ન્યૂઝ@રાજકોટ

રંગીલું રાજકોટ હવે નશાના રવાડે ચડી રહ્યું હોય તેવા ચોંકાવનારા પ્રશ્નો ફરી સામે આવ્યા છે. રાજકોટના મવડી વિસ્તારમાં આવેલ એક મેડિકલ સ્ટોર પર નશાકારક સિરપ અને ગોળીઓનો વેપલો બેરોકટોક ચાલુ હોવાનો પર્દાફાશ થયો છે. નવાઈની વાત એ છે કે, તંત્રની રહેમનજર હેઠળ માત્ર ૬ મહિનામાં આ કાળા કારોબારનો 'કોડવર્ડ' બદલાઈ ગયો છે, પણ પાપનો આ ધંધો બંધ થયો નથી.

છ મહિના પહેલાં જ્યારે આ જ વિસ્તારમાં નશાનો વેપાર ચાલતો હતો, ત્યારે સ્થાનિક તંત્ર ઘોર ... કરાયો હતો.

ત્યારબાદ FDCA (ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન)ની નવી ટીમ આવી. આશા હતી કે

**6 મહિના પહેલાં બહારની પોલીસે સપાટો બોલાવ્યો હતો, છતાં તંત્ર કુંભકર્ણની**

'વહીવટ' (હવાડિયા) કરવામાં જ રસ છે, રાજકોટનું યુવાધન ભલે નશાની ગર્તામાં ધકેલાઈ જાય!

તાજેતરમાં જ મવડી વિસ્તારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થયો છે, જે તંત્રની કામગીરી સામે આંગળી ચીંધે છે. ૬ મહિના પહેલાં જે નશાનો સામાન 'એસપી' અને '૧૦' ના કોડવર્ડથી વેચાતો હતો, તે કોડવર્ડ હવે બદલીને 'ટીકડા' કરી નાખવામાં આવ્યો છે.

હાલ બજારમાં ગોળીઓની અછત હોવાને કારણે 'ટીકડા'ના નામે ગ્રાહકોને નશાકારક સીરપ પધરાવવામાં આવી રહી છે. આ એવી સીરપ છે જેમાં 'કોડિન' ...

સિટી ન્યૂઝ@રાજકોટ

જનતાના પ્રશ્નોને વાચા આપવા અને સમાજની બદીઓને ખુલ્લી પાડવામાં સિટી ન્યૂઝ હંમેશા અગ્રેસર રહ્યું છે. તાજેતરમાં જ સિટી ન્યૂઝ દ્વારા મેડિકલ સ્ટોર્સમાં ચાલતા નશાકારક દવાઓના કાળા કારોબાર અંગે સનસનાટીપૂર્ણ અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ અહેવાલની એટલી તીવ્ર અસર થઈ છે કે કાયદાના રખેવાળો પહોંચે તે પહેલાં જ, પાપનો આ કાળો કારોબાર ચલાવતા સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને મેડિકલ સ્ટોર્સને તાળા લાગી ગયા છે!

સિટી ન્યૂઝના અહેવાલની ગંભીરતા જોતાં, ગઈકાલે રાત્રે ૯:૧૫ થી ૯:૩૫ વાગ્યા સુધીના માત્ર ૨૦ મિનિટના ટૂંકા ગાળામાં આ વિવાદિત મેડિકલ સ્ટોરને ગુપ્ત રીતે ખોલવામાં આવ્યો હતો. અંદર રહેલો નશાકારક દવાઓનો તમામ શંકાસ્પદ જથ્થો (માલ) સગેવગે કરી નાખવામાં આવ્યો હતો. ત્યારબાદ જ્યારે સિટી ન્યૂઝની ઈન્વેસ્ટિગેશન ટીમ ગ્રાઉન્ડ ઝીરો પર હકીકત તપાસવા પહોંચી, ત્યારે મેડિકલ સ્ટોર સંપૂર્ણપણે બંધ હાલતમાં જોવા મળ્યો હતો.

હવે સવાલ એ ઉઠે છે કે, શું તંત્ર આવી બંધ હાલતનું બહાનું ધરીને હાથ ધરી બેસી રહેશે? શું આવા સંચાલકોને પકડીને કાયદાનો આકરો પાઠ ભણાવવામાં આવશે કે પછી દર વખતની જેમ 'હરિ વાલા' કરીને બધું થાળે પાડી દેવાશે? રાજકોટ Food and Drug Control Administration (FDCA)ની નવી ટીમ તાજેતરમાં જ નિયુક્ત થઈ છે. નવી ટીમ આવતાની સાથે જ સામાન્ય બાબતો, જેવી કે મેડિકલ સ્ટોરમાં રહેલી સામાન્ય ધૂળ (ડસ્ટ) કે ફાર્માસિસ્ટના નાના-મોટા પ્રશ્નોને આગળ ધરીને નાના વેપારીઓ પર રોફ જમાવવામાં આવી રહ્યો છે અને તેમને હેરાન કરવામાં આવી રહ્યા છે. પરંતુ, હવે સમય પાકી ગયો છે! જો આ નવી ટીમ આ મોટા માથાઓ અને કાળા કારોબારીઓ સામે કડક પગલાં લેવામાં કચાસ રાખશે, તો આગામી સમયમાં રાજકોટનો એક પણ નાનો વેપારી તંત્રની આવી બેધારી નીતિ સામે ઝૂકવા તૈયાર નથી. નાના વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## સીટી ન્યૂઝનું એલાનઃ 'મોટા મગરમચ્છો સામે જંગ'

સીટી ન્યૂઝની હવે એક જ મક્કમ મુહિમ છે. જ્યાં સુધી નશાનો વેપાર કરતા આ મોટા મગરમચ્છોને જેલના સળિયા પાછળ ધકેલવામાં નહીં આવે, ત્યાં સુધી સીટી ન્યૂઝ રાજકોટના નિર્દોષ નાના મેડિકલ સંચાલકોની પડખે ઢાલ બનીને ઊભું રહેશે. જ્યાં સુધી પાપીઓના પાપનો ઘડો અમે ફોડીશું નહીં,ત્યાં સુધી સીટી ન્યૂઝની કલમનો આ પ્રહાર અમે રોકીશું નહીં. હવે જોવાનું એ રહેશે કે રાજકોટની આ નવી FDCA ટીમ માત્ર નાના વેપારીઓ પર જ સિંઘમ બનશે કે પછી સીટી ન્યૂઝના અહેવાલ બાદ જાગીને નશાના કાળા કારોબારના આકાઓ પર કાયદાનો કોરડો વીંઝશે!

## નશાના કારોબારને રોકવા રાજ્યમાં ધમધમશે ANTF 6 વિશેષ પોલીસ સ્ટેશન

રાજકોટના સીટી ન્યૂઝના અહેવાલની ગંભીરતાનો પડઘો છેક ગાંધીનગર સુધી પડ્યો છે. ડ્રગ્સના દૂષણને ધરમૂળથી નાબૂદ કરવા માટે ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ એક્શન મોડમાં આવી ગયો છે. યુવાધનને બરબાદ કરતા નશાના સોદાગરોને નેસ્તનાબૂદ કરવા માટે રાજ્ય સરકારે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની રચના કરી દીધી છે. નશાની આખી ચેઈનને તોડવા માટે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સને કાયદેસરની મહત્તમ સત્તાઓ સોંપવામાં આવી છે. આ ફોર્સની આગેવાની સીધા ADG (એડિશનલ ડિરેક્ટર જનરલ) કક્ષાના ઉચ્ચ અધિકારી સંભાળશે. સમગ્ર ગુજરાતને ડ્રગ્સ મુક્ત કરવા માટે ૬ અલગ-અલગ ઝોનમાં વિશેષ પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવ્યા છે. દરેક પોલીસ સ્ટેશન સીધા DYSP કક્ષાના અધિકારીના સંચાલન હેઠળ કામ કરશે. કયા પોલીસ સ્ટેશનની હદ ક્યાં સુધી રહેશે, તેની વિગત નીચે મુજબ છે.

- રાજકોટ ANTF (મુખ્ય કેન્દ્ર): રાજકોટ શહેર-ગ્રામ્ય, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, જામનગર, પોરબંદર, ગીર સોમનાથ, બોટાદ અને દેવભૂમિ દ્વારકા.
- અમદાવાદ ANTF: અમદાવાદ શહેર-ગ્રામ્ય, ખેડા અને આણંદ જિલ્લાની હદ.
- સુરત ANTF: સુરત ciudad-ગ્રામ્ય, તાપી, વલસાડ, નવસારી અને ડાંગ.
- વડોદરા ANTF: વડોદરા શહેર-ગ્રામ્ય, ભરૂચ, નર્મદા, દાહોદ, ગોધરા, મહીસાગર અને છોટાઉદેપુર.
- ગાંધીનગર ANTF: ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી અને મહેસાણા.
- ભૂજ ANTF: કચ્છ પૂર્વ, કચ્છ પશ્ચિમ, બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ અને મોરબી.

### પૈસા અને એન્જોયમેન્ટના લાલચમાં સબંધોનો વેપાર

# પતિ-પત્ની અદલા-બદલીમાં રાજકોટની પરિણીતાનો ચોંકાવનારો ખૂલાસો






**પીડિતાએ કહ્યું કે છૂટાછેડા એટલે લીધા છે મારે અદલા-બદલીના દુષણમાં પડવું ન્હોતું**

**સોશિયલ મીડિયામાં કપલ સ્વેપિંગનું ચાલે છે મોટું નેટવર્ક**


**પરિણીતાનો મોટો દાવો પતિ-પત્ની અદલા-બદલીનું દુષણ તમામ શહેરોમાં ચાલે છે**

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં રહેલા કપલ સ્વેપિંગ મુદ્દે હવે રાજકોટની એક મહિલાએ પોતાની આપવીતી જાહેર કરી છે. મહિલાના જણાવ્યા અનુસાર, લગ્નજીવન શરૂ થયાના થોડા જ મહિનાઓમાં તેને એવી બાબતોનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે તેના વૈવાહિક જીવન પર ગંભીર અસર પડી હતી.

મહિલાએ દાવો કર્યો છે કે વર્ષ ૨૦૨૨માં તેના લગ્ન થયા બાદ શરૂઆતના ત્રણ મહિના સુધી બધું સામાન્ય હતું. પરંતુ ત્યારબાદ તેના પતિએ તેને કપલ સ્વેપિંગ અંગે માહિતી આપવાનું શરૂ કર્યું અને આ પ્રકારની પ્રવૃત્તિમાં જોડાવા માટે મનાવવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાના કહેવા પ્રમાણે તેણે શરૂઆતથી જ આ બાબતનો વિરોધ કર્યો હતો અને તેમાં રસ ન હોવાનું સ્પષ્ટ જણાવ્યું હતું.

પીડિતાના આક્ષેપ મુજબ, ના પાડ્યા બાદ તેના



પર માનસિક દબાણ લાવવામાં આવ્યું હતું. તેને સમજાવવામાં આવતું હતું કે આવી પ્રવૃત્તિમાં જોડાવાથી મનોરંજનની સાથે આર્થિક લાભ પણ મળી શકે છે. મહિલાએ વધુમાં દાવો કર્યો કે જો તે સંમત નહીં થાય તો પતિ અન્ય સંબંધો તરફ વળશે તેવી ધમકીઓ પણ આપવામાં આવતી હતી.

મહિલાના જણાવ્યા અનુસાર, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મારફતે અજાણ્યા કપલ સાથે સંપર્ક સાધવામાં આવતો હતો. શરૂઆતમાં ઓનલાઇન વાતચીત, ત્યારબાદ વીડિયો કોલ અને પછી રૂબરૂ મુલાકાતો યોજાતી હોવાનું તેણીએ જણાવ્યું હતું. જોકે, આ તમામ દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ શકી નથી.

મહિલાએ જણાવ્યું કે આ સમગ્ર ઘટનાક્રમ તેના છૂટાછેડાનું એક મુખ્ય કારણ બન્યો હતો. તેણે પોતાના પતિ તેમજ પરિવારના કેટલાક સભ્યો સામે વર્ષ ૨૦૨૩માં કાનૂની ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ઘરેલુ હિંસા સહિતના મુદ્દે કોર્ટમાં પણ અરજી કરવામાં આવી હોવાનું તેણે જણાવ્યું છે.

પીડિતાએ અન્ય મહિલાઓને પણ અપીલ કરી છે કે જો તેઓ કોઈ પ્રકારના દબાણ, શોષણ અથવા અનિચ્છનીય સંબંધો માટે મજબૂર કરવામાં આવતી હોય તો ખુલ્લેઆમ અવાજ ઉઠાવે અને કાનૂની મદદ લે.

## સાચી દિશામાં પગલું: આરોગ્ય શાખાના કડક એકશનથી શહેરીજનો ખુશ

# શાબાશ મહાપાલિકા; ગંદુ પીરસતા બે રેસ્ટોરન્ટ 'સીલ'




- આજે 26 પેઢીઓને હાઈજેનિક કન્ડિશન રાખવા નોટિસ અપાઈ
- કુલ 260 કિલો વાસી જથ્થાનો નાશ, 75000ની પેનલ્ટી વસુલાય




## ગોંડલ રોડ પર આવેલ શ્રી રામ ચાઈનીઝ પંજાબી રેસ્ટોરન્ટ, મવડીમાં આવેલ બાલાજી ઢોસા સેન્ટરમાં વાસી ખોરાક મળતા તંત્રએ 'તાળા' માર્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા (RMC)ના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા શહેરીજનોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે લાલઆંખ કરવામાં આવી છે. શહેરમાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ખાણીપીણીની જગ્યાઓ પર જોવા મળતી ગંદકી સામે કડક કાર્યવાહી કરવાના ભાગરૂપે ફૂડ વિભાગ દ્વારા વ્યાપક સર્વેલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત નિયમોનું ઉલ્લંઘન કરતી પેઢીઓ સામે સીલિંગ અને દંડનીય પગલાં લેવામાં આવ્યા છે.મનપાની ટીમે ગોંડલ રોડ પર વૃધ્ધાશ્રમ સામે આવેલા પ્રખ્યાત શ્રી રામ ચાઈનીઝ & પંજાબી (રેસ્ટોરન્ટ)માં દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન ત્યાં અત્યંત ખરાબ પરિસ્થિતિ જોવા મળતા હાઈજેનિક કન્ડિશન જાળવવા માટે નોટિસ આપવામાં આવી હતી. આ સાથે જ સ્થળ પરથી આશરે ૧૦ થી ૧૨ કિલો જેટલો વાસી તેમજ અખાદ્ય ખોરાક મળી આવતા તેનો તાત્કાલિક નાશ કરવામાં આવ્યો હતો અને આ પેઢીને મનપા દ્વારા સીલ કરી દેવામાં આવી છે.આ ઉપરાંત, મવડી બાયપાસ રોડ પર રિયલ પ્રાઇમની સામે આવેલા બાલાજી ઢોસા સેન્ટરમાં પણ ફૂડ વિભાગે કડક કાર્યવાહી કરી હતી. આ સેન્ટરમાં તદ્દન અનહાઈજેનિક કન્ડિશનમાં ખાદ્ય ચીજો બનાવવામાં આવી રહી હતી અને વાસી તેમજ અખાદ્ય ચીજોનો મોટો સ્ટોરેજ મળી આવ્યો હતો. આ ગંભીર બેદરકારી બદલ પેઢીને સીલ કરી, તંત્ર દ્વારા રૂ. ૧૦,૦૦૦ નો આકરો દંડ ફટકારવામાં આવ્યો છે, તેમજ પ્રોપર લાયસન્સ મેળવવા બાબતે કડક સૂચના આપવામાં આવી છે. અહીંથી અંદાજિત ૧૧૫ કિલોગ્રામ વાસી અને અખાદ્ય ખોરાકના જથ્થાનો નાશ કરાયો હતો.બીજી તરફ, મવડી ચોકડીથી બાપા સીતારામ ચોક ૧૫૦ ફૂટ રિંગરોડ, સર્વેશ્વરચોક, વર્ણીરાજ ફૂડ ઝોન (નેપલ્સ પીઝા), રેસકોર્સ રિંગ રોડ, સોરઠિયાવાડી સર્કલથી ભક્તિનગર સર્કલ સુધીનો ૮૦ ફૂટ રોડ, આઈ.ટી.આઈ. હોકર્સ ઝોન તેમજ આજી ડેમ ચોકડીથી માંડા ડુંગર અને રણુજા મંદિર પાસે કોઠારીયા મેઈન રોડ સહિતના વિસ્તારોમાં પણ સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. આ વિસ્તારોમાં કુલ ૬૩ પેઢી, રેસ્ટોરન્ટ અને હોકર્સ ઝોનની તપાસ કરવામાં આવી હતી, જેમાં ૨૬ પેઢીઓને હાઈજેનિક કન્ડિશન રાખવા બાબતે નોટિસ અપાઈ હતી અને કુલ ૨૬૦ કિલો વાસી જથ્થાનો નાશ કરી રૂ. ૭૪,૪૦૦ ની પેનલ્ટી વસૂલવામાં આવી હતી. ફૂડ વિભાગ દ્વારા માત્ર દંડ જ નથી કરાયો, પરંતુ ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના કુલ ૬ લૂઝ નમૂનાઓ પણ લેવામાં આવ્યા છે. જેમાં નાનામવા રોડ પર આવેલ 'શ્રીજી મઠાવાલા' માંથી અમેરિકન ડ્રાયફ્રુટ શ્રીખંડ અને વેનીલા આઇસ્ક્રીમ, એરપોર્ટ રોડ પર આવેલ 'આશુતોષ કોઠી આઇસ્ક્રીમ' માંથી ડ્રાયફ્રૂટ ડીલાઈટ આઇસ્ક્રીમ અને રાવણા જાંબુ આઈસ્ક્રીમ, તેમજ અમીન માર્ગ પર આવેલ 'મહેશ વિજય ડેરીફાર્મ' માંથી પાઈનેપલ શ્રીખંડ અને મેંગો ચિપ્સ શ્રીખંડના સેમ્પલ મેળવીને લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા છે.

## સીઝન બજાર સદર બજાર બન્યું ન્યુસન્સનું કેન્દ્રબિંદુ

# જાહેર માર્ગ પર નોનવેજનું ‘રાજ’કોટ !




### ખુલ્લેઆમ માંસ અને મટનની વસ્તુઓનું કોઈ ખાસ હાઈજેનિક તકેદારી વિના ધમધોકાર વેંચાણ

### ઈગલ શેરીમાંથી નિકળો એટલે શ્વાસ રોકવો જ પડે એટલી દુર્ગંધ !

### મહાપાલિકા અને પોલીસ આવા ન્યુસન્સ પોઈન્ટ સામે ચૂપ કેમ ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં તહેવારોને લઈને ખાસ ઓળખ ધરાવતું સદર બજાર વર્ષોથી “સીઝન બજાર” તરીકે જાણીતું રહ્યું છે. અહીં વર્ષભર વિવિધ તહેવારોને અનુરૂપ ચીજવસ્તુઓ છૂટક તેમજ જથ્થાબંધ મળે છે, જેના કારણે શહેરવાસીઓ માટે આ બજાર આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે.

પરંતુ છેલ્લા થોડા સમયથી સદર બજારની પરિસ્થિતિમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. સીઝનલ બજાર તરીકે ઓળખાતું આ સ્થળ હવે ધીમે ધીમે નોનવેજ બજારમાં રૂપાંતરિત થઈ રહ્યું હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. મુખ્ય માર્ગ પર ખુલ્લેઆમ માંસ અને મટનની વસ્તુઓ કોઈ ખાસ હાઈજીનિક તકેદારી વિના વેચાતી હોવાના કારણે સ્થાનિક લોકોમાં અસંતોષ ફેલાયો છે. ખાસ કરીને સાંજના સમયે ચિકન શોરૂમ અને અન્ય નોનવેજ હાટડાઓ દ્વારા ખુલ્લામાં સામાન લટકાવી વેચાણ કરવામાં આવતું હોવાથી દુર્ગંધ અને ગંદકીનું પ્રમાણ વધે છે. જેના કારણે ત્યાંથી પસાર થનારા લોકોને અસહજ સ્થિતિનો સામનો કરવો પડે છે. ઘણા લોકો મોઢું ઢાંકીને પસાર થવા મજબૂર બને છે.

આ સિવાય, હરિહર ચોકથી ફૂલછાબ પ્રેસ ચોક સુધીના માર્ગ પર સાંજે ૭થી ૧૦ વાગ્યા દરમિયાન ભારે ટ્રાફિક જામ સર્જાય છે. સ્થિતિ એટલી વિકટ બની જાય છે કે સાયકલ પસાર કરવી પણ મુશ્કેલ બની રહે છે. માર્ગ પર દબાણ અને અનિયંત્રિત હાટડાઓ ટ્રાફિક સમસ્યાને વધુ ગંભીર બનાવે છે.

સ્થાનિક વેપારીઓ અને નાગરિકોમાં આ બાબતે તંત્ર પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. શહેરમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાઓનો ઉપયોગ માત્ર ઈ-ચલણ માટે જ થતો હોવાનો આક્ષેપ કરવામાં આવે છે, જ્યારે આવા ન્યુસન્સ પોઈન્ટ સામે કોઈ કાર્યવાહી થતી નથી.

નાગરિકોનું કહેવું છે કે જો ખરેખર શહેરને સ્વચ્છ અને સુવ્યવસ્થિત બનાવવાનું હોય તો તંત્રએ કોઈપણ પ્રકારની ભલામણ કે દબાણ વિના આવા હાટડાઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. સાથે જ, જાહેર માર્ગો પર દબાણ દૂર કરીને સામાન્ય જનતાને સરળતાથી અવરજવર કરવાની સુવિધા પૂરી પાડવી જરૂરી છે.રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસ પ્રશાસન સંયુક્ત રીતે કાર્યવાહી કરે અને સદર બજારને ફરીથી સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવે તેવી માંગ ઉઠી રહી છે.

## સદર બજારમાં ગેરકાયદે દબાણોનો રાફડો, મેયર નેહલ શુક્લને ફરિયાદ



રાજકોટના હાર્દ સમાન સદર બજાર વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો અને ફૂટપાથ પરના અતિક્રમણને કારણે સ્થાનિક નાગરિકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ ગંભીર સમસ્યા અંગે જાગૃત નાગરિક આશિષ કક્કડ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના મેયર નેહલ શુક્લને એક લેખિત ફરિયાદ કરવામાં આવી છે. આ ઉગ્ર રજૂઆતની નકલો મ્યુનિસિપલ કમિશનર, કલેક્ટર અને પોલીસ કમિશનરને પણ સત્તાવાર રીતે મોકલવામાં આવી છે. ફરિયાદમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઈપણ પ્રકારની પરવાનગી વિના જાહેર માર્ગોની મધ્યમાં અને ફૂટપાથ પર ગેરકાયદેસર દુકાનો તથા લારીઓ ખડકી દેવામાં આવી છે, જેનાથી ટ્રાફિક જામની વિકટ સ્થિતિ સર્જાય છે.આ વિસ્તારમાં વિશેષ કરીને નોન-વેજ ખાદ્ય સામગ્રી વેચતી લારીઓ અને અન્ય ગેરકાયદેસર ધંધાઓનો રાફડો ફાટ્યો છે. આ દબાણોના કારણે માત્ર ટ્રાફિક વ્યવહાર જ ખોરવાયો નથી, પરંતુ વિસ્તારની સ્વચ્છતા, જાહેર આરોગ્ય અને નાગરિકોની સલામતી પર પણ ગંભીર ખતરો ઉભો થયો છે. રસ્તા પરના આડેધડ અવરોધોને પગલે અકસ્માત થવાની શક્યતાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.




# PDM કોલેજ ફાટકે બનશે સૌથી લાંબો 'ઝેડ' અંડર બ્રિજ

# બૂલેટ રાજા

## રબ ને બના દી જોડી !

## મેયર અને કમિશનર એક બૂલેટમાં નિરિક્ષણ કરવા મહાનગરપાલિકા મેયર અને કમિશ્નર બુલેટ પર પહોંચ્યા..






**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં 'રબ ને બના દી જોડી' જેવો અનોખો ઘાટ જોવા મળ્યો હતો. મેયર નેહલ શુક્લ અને મ્યુનિસિપલ કમિશનર બંને 'બુલેટ રાજા' બનીને રોયલ એનફિલ્ડ બુલેટ પર સવારી કરતા શહેરના ગોંડલ રોડ અને ઢેબર રોડ પર નીકળ્યા હતા. આ બંને ઉચ્ચ પદાધિકારીઓ PDM માલવીયા કોલેજ ફાટકે બનનાર નવા અંડરબ્રિજની સાઈટનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા માટે આ અનોખા અંદાજમાં પહોંચ્યા હતા. સાઈટ પર પહોંચીને તેમણે મનપાના એન્જિનિયરો સાથે બ્રિજ નિર્માણની કામગીરી અને આવનારા પડકારો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

### 700 મીટર લાંબો 'ઝેડ' આકારનો બ્રિજ

રાજકોટને ફાટક મુક્ત બનાવવાના અભિયાન હેઠળ PDM કોલેજ ફાટક પાસે શહેરનો સૌથી લાંબો ૭૦૦ મીટરનો અને 'ઝેડ' (Z) આકારનો અંડરબ્રિજ બનાવવામાં આવનાર છે. ગોંડલ રોડ અને ઢેબર રોડને જોડતા આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ માટે અંદાજિત ૫૦ કરોડનો ખર્ચ થશે. ગત ઓગસ્ટ મહિનામાં જ રાજ્ય સરકાર દ્વારા આ પ્રોજેક્ટ માટે ૪૦.૮૬ કરોડની માતબર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવાની જાહેરાત ધારાસભ્ય રમેશ ટીલાળાએ કરી હતી. જોકે, ચૂંટણીઓને કારણે આ પ્રક્રિયા અટકી પડી હતી, જેને હવે ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન (GUDM) ની સૈદ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ ફરીથી વેગ આપવામાં આવ્યો j૧છે.

### 50 થી વધુ મિલકતોમાં કપાત આવશે

આ લાંબા અંડરબ્રિજ માટે પ્રારંભિક સર્વે પૂર્ણ કરી લેવામાં આવ્યો છે અને તેની આધુનિક ડિઝાઈન પણ તૈયાર થઈ ચૂકી છે. રિપોર્ટ મુજબ, બ્રિજના નિર્માણ માટે ઢેબર રોડ પર ઢેબર કોલોનીથી ગોપાલનગર શેરી નંબર ૧ સુધીની અંદાજે ૫૦ કરતા વધારે મિલકતોમાં નાની-મોટી કપાત આવી શકે છે. મનપાએ આ મિલકતોને 'લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ' (LOP) હેઠળ મૂકી છે. હવે TP વિભાગ દ્વારા આ મિલકતોનો ઝીણવટભર્યો સર્વે કરી ટૂંક સમયમાં જ અસરગ્રસ્ત આસામીઓને નોટિસ ફટકારવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

### ટ્રાફિક સમસ્યામાંથી મળશે મોટી રાહત

આ રેલવે ફાટક પરથી ST બસો સહિતના ભારે વાહનોની સતત અવરજવર રહેતી હોવાથી ૭૦૦ મીટર લંબાઈનો બ્રિજ અત્યંત જરૂરી છે. પ્રોજેક્ટ માટે રેલવે તંત્રએ પણ મનપાને સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી છે. હાલમાં મનપા દ્વારા અંડરબ્રિજના ખર્ચનું એસ્ટિમેટ તૈયાર કરી તેને સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂરી અર્થે રજૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના કાર્યકાળમાં શરૂ કરાયેલા ફાટક મુક્ત રાજકોટ અભિયાન અંતર્ગત આ બ્રિજ બનવાથી હજારો વાહનચાલકોને ગોંડલ રોડ અને ઢેબર રોડના ટ્રાફિક જામની કાયમી સમસ્યામાંથી મોટી મુક્તિ મળશે.




સિટી ન્યૂઝ@રાજકોટ

આ સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ગુજરાત રાજ્ય વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યાએ અંબાલાલ પટેલની આગાહીઓ પદ્ધતિ અને તેની વિશ્વસનીયતા સામે આકરા સવાલો ઉઠાવ્યા. જયંત પંડ્યાએ કડક શબ્દોમાં ટિપ્પણી કરતાં જણાવ્યું કે, હવામાન એ સંપૂર્ણપણે વિજ્ઞાનનો વિષય છે. સેટેલાઈટ ટેક્નોલોજી, રડાર સિસ્ટમ અને હવામાન વિભાગ (IMD) જેવી સત્તાવાર વૈજ્ઞાનિક સંસ્થાઓ રાત-દિવસ ડેટાનું એનાલિસિસ કરીને સચોટ માહિતી આપતી હોય છે. આવા સમયે કોઈ પણ વ્યક્તિ વૈજ્ઞાનિક આધાર વગર માત્ર અટકળો કે પરંપરાગત ગ્રહ નક્ષત્રોના આધારે લાંબાગાળાની આગાહીઓ કરીને જનતામાં ભ્રમ ન ફેલાવે. લોકોએ માત્ર અને માત્ર સત્તાવાર અને વૈજ્ઞાનિક સંસ્થાઓની માહિતી પર જ ભરોસો રાખવો જોઈએ જેથી ખેડૂતો આર્થિક નુકસાનીથી બચી શકે.જયંત પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, જૂનાગઢમાં તાજેતરમાં ૪૭ આગાહીકારોએ વરસાદનો વરતારો કર્યો હતો. જેમાં ૨૫ મેંથી ૩૧ મેં સુધી પ્રી મોન્સૂનની અને ૬ જૂનથી વાવણીલાયક વરસાદની આગાહી કરી હતી. જે સદંતર ખોટું પડ્યું છે. આ આગાહીકારો રૂમમાં ચાર ખુણામાં બેસી પોતાની પ્રસિદ્ધી માટે વરતારા કરતા હોય છે. વરતાર બંધ કરવા જોઈએ. વરતારા બંધ થવાથી સમાજ કે ખેડૂતને કંઈ નુકસાન થવાનું નથી. આવા વરતારા બંધ થવા જોઈએ. અંબાલાલ પટેલ વારંવાર વાવાઝોડું, વરસાદની વણમાગી સલાહ આપે છે. વારંવાર ખોટા પડે છે. તથ્યહિન વાતો કરે છે. અમારી પાસે ડેટા છે કે વર્ષોથી તે ખોટા પડે છે. તેની આગાહી સમાજને નુકસાનકર્તા છે.

સિટી ન્યૂઝ@રાજકોટ

બીજી તરફ પોતાની આગાહીઓથી ખેડૂતોમાં લોકપ્રિય બનેલા અંબાલાલ પટેલે પણ વિજ્ઞાન જાથાના આ પ્રહારો સામે મૌન તોડ્યું છે અને જોરદાર બચાવ કર્યો છે. અંબાલાલ પટેલે દાવો કર્યો છે કે તેઓ કોઈ અંધશ્રદ્ધા ફેલાવતા નથી પરંતુ વર્ષોથી ખેડૂતોના હિતમાં નિસ્વાર્થ ભાવે કામ કરી રહ્યા છે. તેમણે પોતાની લાયકાત અને અનુભવનો હવાલો આપતા સ્પષ્ટ કર્યું કે, તેઓ પોતે 'બીએસસી એગ્રીકલ્ચર' (B.Sc. Agriculture) નો અભ્યાસ કરી ચૂક્યા છે. તેમની આગાહીઓ માત્ર જ્યોતિષ કે ગ્રહોની સ્થિતિ પર આધારિત નથી હોતી, પરંતુ તેમાં વર્ષા પરિસંચલન, અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં સર્જાતી સિસ્ટમ તેમજ કૃષિ હવામાનના ઊંડા અભ્યાસનો સમન્વય હોય છે. તેમણે પડકાર ફેંકતા વળતો પ્રહાર કર્યો કે, જે દિવસે ગુજરાતના જગતનો તાત એટલે કે ખેડૂતો મારી પાસે આગાહી માંગવાનું બંધ કરી દેશે, તે જ દિવસથી હું ભવિષ્યવાણી કરવાનું છોડી દઈશ. ગુજરાતમાં દર વર્ષે ચોમાસા દરમિયાન અંબાલાલ પટેલની આગાહીઓ ચર્ચાના કેન્દ્રમાં રહે છે. એક મોટો વર્ગ તેમની વાતો પર આંખ મીંચીને ભરોસો કરે છે, તો બીજી તરફ આધુનિક યુવા વર્ગ અને વૈજ્ઞાનિકો સરકારી હવામાન વિભાગની ચેતવણીઓને જ વધુ અધિકૃત ગણાવે છે.

**આરોપ : વોર્ડ નંબર-4 માં પાણીને લઈને પ્રજામાં ગુસ્સો**

# પાણી કે યુરિન ?

## પારેવડી ચોક સુગરમિલ કમ્પાઉન્ડમાં તેમજ બેડીપરા પોસ્ટ ઓફિસ પાછળના વિસ્તારોમાં રહેતા લોકોના આક્ષેપ




પાણી પીવા યોગ્ય નથી | સ્વાસ્થ્ય માટે ખતરજનક | લોકોના આરોગ્ય સાથે ચેડા | સ્થાનિકોમાં રોષનો માહોલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નં. ૪ વિસ્તારમાં પાણી પુરવઠાની ગંભીર સમસ્યાએ નાગરિકોને ત્રસ્ત કરી દીધા છે. પરેવાડી ચોક, અમાકીન હુસૈનિયા સોસાયટી, સુગરમિલ કમ્પાઉન્ડ
તેમજ બેડીપરા પોસ્ટ ઓફિસ પાછળના વિસ્તારોમાં રહેતા લોકોનો આક્ષેપ છે કે તેમને મળતું પાણી એટલું ખરાબ છે કે "આ પાણી છે કે યુરિન" તે સમજવું મુશ્કેલ બની ગયું છે.

સ્થાનિકોનો આરોપ છે કે શહેરના ડેમોમાંથી પાણીની ગેરરીતિઓ ચાલી રહી છે. નેતાઓ અને કેટલાક તંત્રના લોકોની મીઠી નજર હેઠળ ડેમમાંથી પાછળના રસ્તાઓથી મોટા ટેન્કરોમાં પાણી ભરીને વેચાણ કરવામાં આવે છે. પરિણામે સામાન્ય ટેક્સ ચૂકવનાર પ્રજાને પૂરતું અને શુદ્ધ પાણી મળતું નથી.

નાગરિકોનો આક્ષેપ છે કે જાણબૂઝીને ઓછું અને ખરાબ ગુણવત્તાનું પાણી પુરું પાડવામાં આવે છે, જેથી લોકો મજબૂરીમાં ખાનગી ટેન્કરો મંગાવે. આ સમગ્ર પ્રણાલીથી કેટલાક લોકો આર્થિક લાભ લઈ રહ્યા હોવાના ગંભીર સવાલો ઊભા થયા છે.

વિસ્તારના લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને તેઓએ તંત્ર સામે તાત્કાલિક પગલાં લેવા માંગ કરી છે. જો સમયસર યોગ્ય કાર્યવાહી નહીં થાય તો લોકો આંદોલનનો માર્ગ અપનાવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

હવે જોવાનું રહ્યું કે તંત્ર આ ગંભીર મુદ્દાને કેટલું ગંભીરતાથી લે છે અને સામાન્ય નાગરિકોને શુદ્ધ પાણી પૂરું પાડવા માટે કયા પગલાં ભરે છે.

સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર...
તમારો વોર્ડ તમારો હક



## કોંગ્રેસને ખુલ્લી ચેતવણી : ખેડૂતોના નામે રાજકારણ બંધ કરો !

# કોંગ્રેસના કપટથી ખેડૂત આંદોલન તૂટ્યું : AAP

## પ્રવીણ રામે કહ્યુ : ગાંધીનગર સુધી મંજૂરી ન માગી ખેડૂતોને ગુમરાહ કર્યા

## 27 મીએ સુરેન્દ્રનગરમાં AAPનું કિસાન મહાપંચાયતનું આયોજન

## ખેડૂતોને ગુમરાહ કરી આંદોલન અને ખેડૂતોની એકતા તોડવાનું કામ કર્યુ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સામસામે આક્ષેપ પ્રતિઆક્ષેપો વચ્ચે આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામ અને પંકજ રણસરીયા દ્વારા આજે રાજકોટમાં પત્રકાર પરિષદ યોજી કોંગ્રેસ દ્વારા ગુજરાતના ખેડૂતોને ગુમરાહ કરવામાં આવ હોવાનો આક્ષેપ કર્યો છે. આ સાથે તેમને જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ દ્વારા અગાઉથી જ ૧૪ તારીખના રોજ પોલીસ કમિશનર સમક્ષ રેલીની અને સભાની મંજૂરી લેવામાં આવી છે, પરંતુ ગાંધીનગર જવા માટે મંજૂરી જ માંગવામાં આવી નથી. ગાંધીનગરનું કહી ખેડૂતોને કોંગ્રેસની સભામાં લઇ ગયા હતા જેથી ખેડૂતો વિફરાયા હતા.

જયારે કોંગ્રેસના બેનર અને ખેસ ઝંડા ઉતારી લેવામાં આવે તો ખેડૂતો સભામાં બેસવા તૈયાર છે તેવી રજુઆત કરવા છતાં કોંગ્રેસે વાત ન માનતા ખેડૂતો વિફર્યા હોવાનો વિડીયો સાથે આક્ષેપ પંકજ રણસરીયા દ્વારા કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે હવે આગામી ૨૭ જૂન ૨૦૨૬ના રોજ સુરેન્દ્રનગર જિલ્લામાં કિશાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે.

AAP નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, અમારી લડાઈ ખેડૂતો માટે સરકાર સામે છે. સરકાર સામે અમે લડતા હતા અને આગળ પણ લડીશું. કોંગ્રેસ દ્વારા પોલીસ પાસેથી ગાંધીનગર જવા માટેની મંજૂરી જ માંગવામાં આવી નથી, માત્ર સભા સ્થળ સુધી રેલી અને બાદમાં કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની હાજરીમાં સભાનું આયોજન કરવા માટેની મંજૂરી માંગવામાં આવી હતી, જે ૧૪ જૂનના રોજ પોલીસ તરફથી મળી હતી. ગાંધીનગર સુધીની રેલીની મંજૂરી જ માંગવામાં ન આવી હોવાનું ખેડૂતોને જણાવ્યું ન હતું અને કોંગ્રેસે ખેડૂતોને ગુમરાહ કર્યા હતા, જેથી ખેડૂતો વિફરાયા હતા.

રામે વધુમાં કહ્યું કે, કોંગ્રેસ છેલ્લા ૩-૪ દિવસથી અમારી આમ આદમી પાર્ટી ઉપર ખોટા આક્ષેપ કરી અમને બદનામ કરી રહ્યા છે, પરંતુ વાસ્તવિક રીતે કોંગ્રેસે ગુજરાતના ખેડૂતોને ગુમરાહ કરી ખેડૂતોનું આંદોલન અને ખેડૂતોની એકતા તોડવાનું કામ કર્યું છે. આગામી ૨૭ જૂન ૨૦૨૬ના રોજ ખેડૂતોના વિવિધ પ્રશ્નો અંગે સુરેન્દ્રનગર જિલ્લામાં એક કિશાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આમ આદમી પાર્ટીના નેતાઓ ઉપસ્થિત રહેશે અને ખેડૂતો મોટી સંખ્યામાં જોડાશે.

AAP નેતા પંકજ રાણસરીયાએ જણાવ્યું હતું કે, ૨ ફેબ્રુઆરીથી હું પાલભાઈ આંબલીયા સાથે ખેડૂતોના હિતમાં ખેડૂતોના પ્રશ્ને લડાઈ લડવા માટે ખેસ ઉતારીને જોડાયો છું. ટંકારામાં પણ રેલી યોજી હતી અને આ સમય પણ મોરબી જિલ્લા કલેક્ટરને આવેદનનું કહી ૩ કિલોમીટર દૂર એક જગ્યાએ ટ્રેક્ટર સાઈડમાં રખાવી પાલભાઈએ એકલાએ ભાષણ કર્યું હતું.

રાણસરીયાએ વધુમાં કહ્યું કે, આ પછી ગાંધીનગરનું કહી ખેડૂતોને લઇ ગયા બાદ વાસ્તવિક રીતે ગાંધીનગર સુધીની મંજૂરી જ ન માંગી અને કોંગ્રેસની સભામાં ખેડૂતોને લઇ ગયા એ સમયે મેં કોંગ્રેસના નેતાઓએ કોંગ્રેસના બેનર અને ઝંડા ઉતારી લેશો તો ખેડૂતો સભામાં જોડાશે તેવી બે હાથ જોડી વિનંતી કરી હતી.




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં ચોમાસાના આગમનની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. ત્યારે જળાશયોના ઘટતા જળસ્તરે ચિંતા વધારી છે.


રાજ્યના ૨૦૬માંથી ૧૧૧ જળાશયોમાં જળસ્તર ૨૫ ટકાથી ઓછું છે. રાજ્યમાં સરેરાશ જળસ્તર ૫૧ ટકા છે જ્યારે ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે જળસ્તર હોય તેવા માત્ર ૯ જળાશય છે.મળતી માહિતી અનુસાર, ૯૦ ટકાથી ૧૦૦ ટકા વચ્ચે જળસ્તર હોય તેવું માત્ર એક જળાશય છે. ૮૦ ટકાથી ૯૦ ટકા વચ્ચે હોય તેવા ત્રણ, ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે હોય તેવા પાંચ, ૫૦ ટકાથી ૭૦ ટકા વચ્ચે હોય તેવા ૩૧ જ્યારે ૨૫ ટકાથી ૫૨ ટકા વચ્ચે હોય તેવા ૫૫ જળાશયો છે. આમ, ૨૦૬માંથી ૧૬૬ જળાશયોમાં જળસ્તર ૫૦ ટકાથી પણ ઓછું છે.૮૦ ટકાથી વધુ જળસ્તર હોય તેમાં રાજકોટના આજી-૨, મહીસાગરના વણાકબોરી, ભાવનગરના રંઘોળા-હાનઓલનો સમાવેશ થાય છે. રીજિયન પ્રમાણે જોવામાં આવે તો કચ્છમાં સૌથી ઓછું ૨૯.૩૯ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૧.૩૧ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૪૦.૨૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૪૩.૫૩ ટકા, મધ્ય ગુજરાતમાં ૫૩.૧૨ ટકા જેટલું જળસ્તર છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં ૬૮ ટકા જળસ્તર છે. ચોમાસું ખેંચાય તો જળસંકટ ઘેરું બનવાની ભીતિ સેવાઈ રહી છે. અલબત્ત, જળસંપત્તિ વિભાગના દાવા પ્રમાણે રાજ્યમાં જળનો પૂરતો જથ્થો છે અને જળસંકટ સર્જાવાની કોઈ સંભાવના નથી.ખેડૂતોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવતા આગામી ૧૧ જૂનથી નર્મદાની નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડવામાં આવશે. સામાન્ય આયોજન કરતાં વહેલા પાણી છોડવાના આ નિર્ણયને કારણે ખરીફ પાકની તૈયારી કરી રહેલા ખેડૂતોને મોટી રાહત મળશે. નર્મદા કમાન્ડ વિસ્તારના સ્થાનિક ધારાસભ્યો અને સાંસદો દ્વારા ખેડૂતોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વહેલું પાણી છોડવા માટે રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતોને પગલે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને નર્મદા યોજનાના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં યોજનામાં ઉપલબ્ધ પાણીના જથ્થાની ઝીણવટભરી સમીક્ષા કર્યા બાદ આ સકારાત્મક નિર્ણય લેવાયો હતો.







# ગુજરાત ડુપ્લીકેટ સામાનના ધંધાનું ‘હબ’ બન્યું

## ઘી, પનીર, ચા, શેમ્પુ, ક્રીમ તમામ વસ્તુઓનો નકલીનો મોટો કારોબાર










## નકલી ‘કેશ કિંગ શેમ્પુ’ એરિયલ વોશિંગ પાવડર બનાવવાનું કૌભાંડ ઝડપાયું

**સિટી ન્યૂઝ@સુરત**

સુરત શહેરમાં ફરી એકવાર નકલી પ્રોડક્ટ્સ બનાવી બજારમાં પધરાવી દેવાનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. બ્રાન્ડેડ કંપનીના નામે ડુપ્લીકિશન કરતા તત્વો સામે ઉત્રાણ પોલીસે લાલ આંખ કરી છે. ઉત્રાણ પોલીસ અને બ્રાન્ડેડ કંપનીના મેનેજરોએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી મોટા વરાછા વિસ્તારમાં આવેલા એક ગોડાઉન પર દરોડા પાડ્યા હતા. જ્યાંથી પ્રખ્યાત ’કેશ કિંગ શેમ્પૂ અને એરિયલ વોશિંગ પાવડરનું ડુપ્લીકિશન કરવાનું મસમોટું નેટવર્ક ઝડપી પાડવામાં આવ્યું છે. પોલીસે ઘટનાસ્થળેથી લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ ઈસમોની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉત્રાણ પોલીસને બાતમી મળી હતી કે મોટા વરાછાથી આઉટર રિંગરોડ તરફ જતા વિસ્તારમાં આવેલા એક ગોડાઉનમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલી રહી છે. આ બાતમીના આધારે ઉત્રાણ પોલીસની ટીમે કેશ કિંગ શેમ્પૂ અને એરિયલ કંપનીના ઓથોરાઈઝ્ડ મેનેજરોને સાથે રાખીને ગોડાઉન પર ઓચિંતી રેડ કરી હતી. રેડ દરમિયાન ગોડાઉન અંદરનું દ્રશ્ય જોઈને ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. અહીં છેલ્લા ઘણા સમયથી જાણીતી બ્રાન્ડના નામે આબેહૂબ નકલી પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં આવી રહી હતી. પોલીસે ગોડાઉનમાં તપાસ કરતા ત્યાંથી કેશ કિંગ શેમ્પૂની હજારો ખાલી અને ભરેલી બોટલો, એરિયલ કંપનીના પાવડરના ડબ્બા, ડુપ્લીકિટ સ્ટીકરો તેમજ પેકિંગ માટેના કાર્ટન બોક્સ મળી આવ્યા હતા. ગ્રાહકોને અસલ અને નકલનો ભેદ ખબર ન પડે તે રીતે આબેહૂબ પેકિંગ મટીરિયલ તૈયાર કરીને બજારમાં સપ્લાય કરવાનું આયોજન હતું.

## યુવા દાવ : રાહુલનું હસ્તાક્ષર અભિયાન તેજ

# સ્કૂલ ફી મોંઘી, હવે જાગ્યા રાહુલ ગાંધી!



AI IMAGE

## ■ રાજકોટ કોંગ્રેસ મોંઘીદાટ સ્કૂલ પ્રશ્ને હજુ કુંભકર્ણ નિંદ્રામાં : એક પણ વિરોધ કાર્યક્રમ આપ્યો નથી

## ■ સ્કૂલ અને FRCનો તફાવત જોઈને વિરોધ કરશે તો લોકો માનશે કોંગ્રેસ હજુ જીવંત છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ છાત્રોની ગુંજ નામથી દેશવ્યાપી હસ્તાક્ષર અભિયાન શરૂ કર્યું. તેમણે ગુરુવારે કહ્યું કે આ અભિયાન પેપર લીક, પરીક્ષામાં ગેરરીતિઓ, મોંઘી શિક્ષણ અને બેરોજગારી જેવા મુદ્દાઓને સરકાર સુધી પહોંચાડવા માટેનું મંચ બનશે. રાહુલે વિદ્યાર્થીઓને અભિયાન સાથે જોડાવા, પોતાના સૂચનો આપવા અને અરજી પર હસ્તાક્ષર કરવાની અપીલ કરી.

રાહુલ ગાંધીએ X પોસ્ટમાં અભિયાનની લિંક શેર કરી. લખ્યું કે જે વિદ્યાર્થીઓના સપના પેપર લીક, પરીક્ષા સંબંધિત સમસ્યાઓ અથવા વધતી ફીના કારણે પ્રભાવિત થયા છે, તેમના માટે આ અભિયાન એક અવાજ બનશે. તેમણે કહ્યું કે વધુને વધુ વિદ્યાર્થીઓ તેમાં જોડાશે તો તેમની માંગણીઓ તેટલી જ મજબૂતીથી સરકાર સુધી પહોંચશે.

રાહુલ ગાંધીએ વીડિયો મેસેજમાં કહ્યું- કોટામાં આયોજિત છાત્રોની ગુંજ કાર્યક્રમને દેશભરના વિદ્યાર્થીઓનો જબરદસ્ત સમર્થન મળ્યું. લાખો યુવાનોએ શિક્ષણ વ્યવસ્થા પર તેમની પ્રેઝન્ટેશન જોઈ અને પોતાના વિચારો શેર કર્યા. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ દાવો કર્યો કે દર વર્ષે NEET પરીક્ષા આપતા ૨૨ લાખ વિદ્યાર્થીઓ અને તેમના પરિવાર પાસેથી સિસ્ટમ દ્વારા ૧.૩૨ લાખ કરોડ ખર્ચ કરાવવામાં આવે છે. આ રકમ દેશના કુલ શિક્ષણ બજેટ ૧.૪૦ લાખ કરોડની લગભગ બરાબર છે.

પ્રિયંકા ગાંધીએ બુધવારે રાત્રે X પોસ્ટમાં એ પણ લખ્યું કે- હું એક વાત વધુ ઉમેરવા માંગુ છું કે ભારત સરકારે પોતાના મનપસંદ ઉદ્યોગપતિઓની જે લોન માફ કરી, તે ૧૬ લાખ કરોડ રૂપિયા છે. પ્રિયંકાની આ ટિપ્પણી રાહુલ ગાંધીના કોટા પ્રવાસ પછી આવી. રાહુલે બુધવારે વિદ્યાર્થીઓની ગુંજ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં શિક્ષણ વ્યવસ્થામાં વધતા દબાણો પર ચર્ચા કરી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું- ભારતની પાંચ મોટી પરીક્ષાઓ- NEET, JEE, SSC, UPSC અને RRB ની તૈયારીમાં વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો દર વર્ષે ૩.૫ લાખ કરોડ ખર્ચ કરે છે. NEET-UG ૨૦૨૬ની ફરીથી પરીક્ષા ૨૧ જૂને આયોજિત કરવામાં આવશે. રી-એક્ઝામ એક જ શિફ્ટમાં બપોરે ૨ વાગ્યાથી સાંજે ૫:૧૫ વાગ્યા સુધી આયોજિત થશે. વહીવટી પ્રક્રિયાઓ માટે વિદ્યાર્થીઓને વધારાનો ૧૫ મિનિટનો સમય પણ આપવામાં આવશે.

### NEET વિદ્યાર્થીઓ પાસેથી 1.32 લાખ કરોડ વસૂલવામાં આવ્યા

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ દાવો કર્યો કે દર વર્ષે NEET પરીક્ષા આપતા ૨૨ લાખ વિદ્યાર્થીઓ અને તેમના પરિવાર પાસેથી સિસ્ટમ દ્વારા ૧.૩૨ લાખ કરોડ ખર્ચ કરાવવામાં આવે છે. આ રકમ દેશના કુલ શિક્ષણ બજેટ ૧.૪૦ લાખ કરોડની લગભગ બરાબર છે. પ્રિયંકા ગાંધીએ X પોસ્ટમાં એ પણ લખ્યું- હું એક વાત વધુ ઉમેરવા માંગુ છું કે ભારત સરકારે પોતાના મનપસંદ ઉદ્યોગપતિઓની જે લોન માફ કરી, તે ૧૬ લાખ કરોડ રૂપિયા છે.

### કોટામાં છાત્રો કી ગૂંજ કાર્યક્રમ યોજાયો

રાહુલ ગાંધીએ ૧૭ જૂને કોટાના દશેરા મેદાનમાં છાત્રો કી ગૂંજ કાર્યક્રમમાં સેંકડો વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી હતી. તેમણે કહ્યું હતું કે હિન્દુસ્તાનની શિક્ષણ પ્રણાલી પોતાના બાળકો પર દબાણ લાવે છે. આ તેમને તણાવ આપે છે. હું ઈચ્છું છું કે આપણે બધા મળીને તેની સામે લડીએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ બાળકને આવું આત્મઘાતી પગલું ન ભરવું પડે. રાહુલ ગાંધીએ કહ્યું કે પાંચ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં તમારા પરિવારોના ખિસ્સામાંથી એટલા પૈસા છીનવી લેવામાં આવે છે, જેટલું પાંચ મંત્રાલયોનું બજેટ છે.

### શિક્ષણનો વધતો ખર્ચ સૌથી મોટી ચિંતા

રાહુલ ગાંધીએ કહ્યું કે શિક્ષણનો સતત વધતો ખર્ચ દેશના લાખો પરિવારો માટે મોટી સમસ્યા બની ગયો છે. લાખો પરિવારો પોતાના બાળકોને NEET જેવી પરીક્ષાઓની તૈયારી કરાવવામાં મોટી રકમ ખર્ચ કરી રહ્યા છે. આ સ્થિતિ ચિંતાનો વિષય છે અને તેના પર રાષ્ટ્રીય સ્તરે ચર્ચા થવી જોઈએ. તેમણે કહ્યું કે શિક્ષણ, રોજગાર અને પરીક્ષા પ્રણાલી સાથે જોડાયેલા મુદ્દાઓ કોઈ એક રાજકીય પક્ષના નથી, પરંતુ સમગ્ર દેશના મુદ્દાઓ છે. તેથી વિદ્યાર્થીઓએ ખુલીને પોતાના અનુભવો અને સૂચનો રજૂ કરવા જોઈએ.




# અખબારની શાહી સ્વાસ્થ્ય માટે ખત્તરનાક તે લીવર-કિડનીને નુકસાન પહોંચાડી શકે છેઃ અખબારમાં ખોરાક પીરસા સામે આરોગ્ય શાખા ક્યારે ઝૂંબેશ શરૂ કરશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શું તમને પણ રસ્તા પર મળતા સમોસા, વડાપાંવ કે ભજિયા છાપામાં લપેટીને ખાવાની આદત છે? જો હા, તો સાવધાન થઈ જાવ. અખબારમાં પેક કરેલો ખોરાક તમારા સ્વાસ્થ્ય માટે ધીમા ઝેર સમાન છે. તાજેતરમાં મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) દ્વારા ચલાવવામાં આવેલી ઝુંબેશમાં ૫૫ માંથી ૨૬ વિક્રેતાઓ છાપામાં ખોરાક આપતા ઝડપાયા હતા, જેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) પણ ૨૦૧૬ થી આ અંગે કડક ચેતવણી આપી ચૂક્યું છે કે અખબારમાં ખોરાક રાખવો સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે. નિષ્ણાત ડૉ. નરેન્દ્ર કુમાર સિંગલ અને પ્રોફેસર રાજેશ બંસલના જણાવ્યા અનુસાર, અખબારની શાહીમાં MOAH અને PAHs જેવા અત્યંત હાનિકારક અને કાર્સિનોજેનિક રસાયણો હોય છે. જ્યારે ગરમ કે તેલયુક્ત ખોરાક અખબારમાં રાખવામાં આવે છે, ત્યારે આ રસાયણો સરળતાથી ખોરાકમાં ભળી જાય છે. આ રસાયણો શરીરમાં જઈને DNA, મગજ, લિવર અને કિડનીને ભારે નુકસાન પહોંચાડે છે. લાંબા ગાળે તે કેન્સર, હોર્મોનલ અસંતુલન, યાદશક્તિમાં ઘટાડો અને પ્રજનન ક્ષમતા પર પણ ગંભીર નકારાત્મક અસર કરી શકે છે. રાસાયણિક જોખમો ઉપરાંત, અખબારનો કાગળ ફૂડ-ગ્રેડ હોતો નથી અને તે છાપકામથી લઈને ગ્રાહક સુધી પહોંચવા વચ્ચે અનેક હાથોમાંથી પસાર થાય છે. આ પ્રક્રિયામાં તેના પર ધૂળ, ગંદકી અને ખતરનાક બેક્ટેરિયા જમા થાય છે, જે ફૂડ પોઇઝનિંગ અને આંતરડાના ચેપનું મુખ્ય કારણ બને છે. આરોગ્યને સુરક્ષિત રાખવા માટે સ્ટ્રીટ ફૂડ વિક્રેતાઓ અને ગ્રાહકોએ અખબારના બદલે હંમેશા ફૂડ-ગ્રેડ કાગળ, કાચ કે સ્ટીલના વાસણોનો ઉપયોગ કરવો જોઈએ.

**ખાસ નોંધઃ માત્ર રાંધેલો ખોરાક જ નહીં, પરંતુ તાજા શાકભાજી કે કરિયાણું પણ અખબારમાં સંગ્રહિત કરવું અસુરક્ષિત છે. સ્ટ્રીટ ફૂડ ખાતી વખતે વિક્રેતા સ્વચ્છતાના નિયમોનું પાલન કરે છે કે નહીં તેનું ખાસ ધ્યાન રાખવું.**

## અખબારમાં ખોરાક લપેટવાના મુખ્ય જોખમો

- ઝેરી રસાયણો અને કેન્સરનો ખતરોઃ અખબારની શાહીમાં MOAH અને PAHs જેવા રસાયણો હોય છે. આ તત્વો કાર્સિનોજેનિક છે જે ડીએનએને નુકસાન પહોંચાડી કેન્સરનું જોખમ વધારે છે.
- શારીરિક નુકસાનઃ શાહી શરીરમાં પ્રવેશવાથી લીવર, કિડની, મગજ અને નર્વસ સિસ્ટમને ગંભીર નુકસાન પહોંચી શકે છે.
- હોર્મોનલ અને પ્રજનન સમસ્યાઓઃ શાહીના રસાયણો હોર્મોન્સનું સંતુલન બગાડે છે, જે પ્રજનન ક્ષમતા અને બાળકોના વિકાસ પર નકારાત્મક અસર કરે છે.
- ગરમ અને તેલયુક્ત ખોરાકઃ સમોસા, ભજીયા કે પરાઠા જેવા ગરમ અને તેલયુક્ત ખોરાકમાં આ રસાયણો ખૂબ જ ઝડપથી ભળી જાય છે, જેથી તે વધુ જોખમી બને છે.
- બેક્ટેરિયા અને ફૂડ પોઈઝનિંગઃ અખબાર છપાવાથી લઈને તમારા સુધી પહોંચવા માટે અનેક હાથ અને જગ્યાઓ પરથી પસાર થાય છે, જેમાં ધૂળ અને જીવાણુઓ ચોંટેલા હોય છે જે ફૂડ પોઈઝનિંગનું કારણ બને છે.


## અમદાવાદમાં પબ્લિક ટ્રાન્સપોર્ટમાં પ્રીમિયમ ટચ

# રાજકોટને અમદાવાદ જેવું AC મોબાઈલ ચાર્જ વાળું ડિજિટલ બસ સ્ટોપ ક્યારે મળશે?




## પબ્લિક ટ્રાન્સપોર્ટ વધારવા અમદાવાદ મનપાનું સ્માર્ટ બસ સ્ટેશન શરૂ કર્યા

## સ્માર્ટ સિટીનો નવો ચહેરો




સિંધુ ભવન રોડ અમદાવાદનો ખૂબ જ પોશ અને વિકસિત વિસ્તાર છે. આ વિસ્તારમાં અને આસપાસ રહેતા લોકો, નોકરિયાતો અને યુવાનો પોતાના ખાનગી વાહનોને બદલે પબ્લિક ટ્રાન્સપોર્ટનો વધુ ઉપયોગ કરે તે હેતુથી આ 'સ્માર્ટ બસ સ્ટેન્ડ' વિકસાવવામાં આવ્યું છે. આ બસ સ્ટેશન પી.આર.એલ. કોલોની, થલતેજ નજીક સિંધુ ભવન રોડ પર કાર્યરત છે




## શું છે સુવિધા


અમદાવાદના સિંધુ ભવન રોડ (SBR) પર આવેલું AMTS (અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ) નું મોર્ડન બસ સ્ટેશન શહેરના પબ્લિક ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું એક ઉત્તમ ઉદાહરણ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકોને વધુ સારી અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા માટે આ બસ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### એરપોર્ટ જેવી ડિઝાઈન અને સુવિધાઓ

આ બસ સ્ટેશનને આધુનિક આર્કિટેક્ચર સાથે એરપોર્ટના ટર્મિનલ જેવો પ્રીમિયમ લુક આપવામાં આવ્યો છે. તેમાં કાચનું સુંદર ઈન્ટિરિયર અને એક્સટિરિયર જોવા મળે છે.

### એર કન્ડિશન્ડ (AC) વેઈટિંગ લાઉન્જ

મુસાફરોને ગરમીથી રાહત મળે અને આરામદાયક રીતે બસની રાહ જોઈ શકે તે માટે સંપૂર્ણ એર-કન્ડિશન્ડ (AC) વેઈટિંગ એરિયા બનાવવામાં આવ્યો છે.



### ડિજિટલ ટાઈમ ટેબલ અને ડિસ્પ્લે

બસો ક્યારે આવશે અને કયા રૂટ પર જશે તેની સચોટ અને રિયલ-ટાઈમ માહિતી આપવા માટે સ્માર્ટ ડિજિટલ સ્ક્રીન અને ઓડિયો એનાઉન્સમેન્ટ સિસ્ટમ (જાહેરાત પ્રણાલી) લગાવવામાં આવી છે.

### આરામદાયક સીટિંગ

મુસાફરો માટે બેસવા માટે પ્રીમિયમ અને આરામદાયક ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી છે.

### સ્વચ્છતા અને અન્ય સગવડો

આ સ્ટેશન પર પીવાનું શુદ્ધ પાણી (RO), અત્યાધુનિક અને સ્વચ્છ શૌચાલયો (વોશરૂમ્સ), તેમજ નાસ્તા-પાણી માટે કેફે કે સ્ટોલ જેવી સુવિધાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.





## બાળકોના ભવિષ્ય માટે મોટો નિર્ણય : ગામે છોડ્યા સ્માર્ટફોન

# સ્માર્ટ ફોનથી કંટાળેલું ગામ : લોકોએ પથ્થરથી સ્માર્ટફોન તોડી નાખી સાદા ફોન લીધા !

## એક સાથે મોબાઈલનો ત્યાગ કરી આખું ગામ બન્યું "નો સ્માર્ટફોન ઝોન"




**આ નિર્ણય પાછળની મોટી કારણો :**

- બાળકો અભ્યાસથી ભટ્કયા
- યુવાનોમાં આદત અને અશાંતિ વધતી
- પરિવારમાં વાતચીત ઓછી થઈ
- માનસિક સ્વાસ્થ્ય પર અસર
- ગામમાં સામાજિક બંધન તુટ્યા

NO SMARTPHONE ZONE

**ટેકનોલોજીનો નહીં, પરંતુ સંયમનો માર્ગ અપનાવી બનાવ્યું સશક્ત અને સંસ્કારી ગામ**

સિટી ન્યૂઝ@નવીદિલ્હી

આજના સમયમાં સ્માર્ટફોન લોકોના જીવનનો મહત્વપૂર્ણ ભાગ બની ગયો છે. સવારે આંખ ખુલતાં જ અને રાત્રે સુતા સુધી મોટાભાગના લોકો મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. સોશિયલ મીડિયા, ઓનલાઈન ગેમ્સ અને ઈન્ટરનેટની દુનિયાએ લોકોનું ધ્યાન એટલું ખેંચી લીધું છે કે તેનો અસર તેમના અભ્યાસ, કામકાજ અને દરરોજના કામકાજ પર પણ જોવા મળે છે. આવી સ્થિતિમાં સોશિયલ મીડિયા પર એક એવો વીડિયો વાયરલ થયો છે, જેને જોઈને લોકો વિચારવા મજબૂર થઈ ગયા છે.

વાયરલ વીડિયોમાં એક ગામના લોકો મોટી સંખ્યામાં એક જગ્યાએ ભેગા થયા છે. તેમના હાથમાં મોબાઈલ ફોન છે. શરૂઆતમાં બધું સામાન્ય લાગે છે, પણ થોડા જ સમયમાં એવું દ્રશ્ય જોવા મળે છે કે દરેક વ્યક્તિ ચોંકી જાય છે. વીડિયોમાં ઘણા લોકો પોતાના મોબાઈલ ફોન જમીન પર ફેંકી દે છે, તો કેટલાક લોકો ઈંટથી પોતાના ફોન તોડવાનો પ્રયાસ કરે છે. આશ્ચર્યની વાત એ છે કે સામાન્ય રીતે લોકો પોતાના સ્માર્ટફોનને ખૂબ જ સંભાળી રાખે છે. ફોન પર થોડા પણ સ્ક્રેચ આવે તો લોકો પરેશાન થઈ જાય છે, પણ અહીં લોકો પોતે જ પોતાના ફોન તોડી રહ્યા છે. એટલે જ આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે ગામના લોકોએ સ્માર્ટફોનની વધતી લતથી પરેશાન થઈને આ નિર્ણય લીધો છે. તેમનું માનવું છે કે પહેલાં લોકો એકબીજાની સાથે સમય વિતાવતા, હવે મોટાભાગના લોકો પોતાના ફોનમાં જ વ્યસ્ત રહે છે. ગામના લોકોનું કહેવું છે કે સ્માર્ટફોનના કારણે તેમના કામકાજ અને સામાજિક જીવન પર પણ અસર પડી રહી હતી. એટલે જ તેમણે સ્માર્ટફોન છોડીને ફરીથી કીપેડ ફોન વાપરવાનો નિર્ણય કર્યો છે. આ વીડિયો X (ટ્વિટર) એકાઉન્ટ @PRMundru પરથી શેર કરવામાં આવ્યો છે. વીડિયો વાયરલ થયા પછી કોમેન્ટ સેકશનમાં લોકોના મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યા છે. ઘણા લોકોએ ગામના લોકોના આ પગલાને સમજદારીભર્યું પગલું ગણાવ્યું છે, તો કેટલાક લોકોએ તેને ખોટું પણ ગણાવ્યું છે.

## વિજ્ઞાન પણ હેરાનઃ હરિયાણાના સંતલાલનું જીવન ઉલ્ટું

# વિચિત્ર માણસ; શિયાળામાં બરફ પર સૂવેઃ ઉનાળામાં ધાબળો ઓઢે

## ઉનાળામાં 45 ડિગ્રીમાં ચારથી પાંચ ધાબળા ઓઢી, અગ્નિ પ્રગટાવી બેસે છે ઉનાળામાં તેમને ઠંડી લાગે છે




**સિટી ન્યૂઝ@હરિયાણા**

સંતલાલના પરિવારના સભ્યો કહે છે કે તે કંઈ કરી રહ્યો નથી. આ બધું સાચું છે. સંતલાલ અમને કહે છે કે જિલ્લા વહીવટીતંત્રે તેમનું સન્માન કર્યું છે અને સહાય પૂરી પાડી છે. બહારથી ડોક્ટરોની એક ટીમે પણ આવીને તેમની તપાસ કરી, પરંતુ પરીક્ષણોમાં કંઈ બહાર આવ્યું નહીં. સંતલાલ આગળ સમજાવે છે કે તેમણે બરફ પર લાંબા સમય સુધી સૂવાનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. હરિયાણાના મહેન્દ્રગઢ જિલ્લાના દેરોલી આહિર ગામમાં, એક માણસ છે જેની આગળ હવામાન પણ ઝૂકી જાય છે.મહેન્દ્રગઢ. હરિયાણાના મહેન્દ્રગઢ જિલ્લાના દેરોલી આહિર ગામમાં, એક માણસ છે જેની આગળ હવામાન પણ ઝૂકી





જાય છે. દેરોલી ગામના સંતલાલ કોઈ અજાયબીથી ઓછા નથી. તે શિયાળામાં ગરમાવો અને ઉનાળામાં ઠંડી અનુભવે છે. જિલ્લા વહીવટીતંત્રે સંતલાલને એક લાખ રૂપિયાના ઇનામથી પણ સન્માનિત કર્યા.સંતલાલ રાજ્ય અને દેશભરમાં ચર્ચાનો વિષય બન્યા છે. દેરોલી ગામના દલિત પરિવારમાં જન્મેલા, ૫૮ વર્ષીય સંતલાલને કોઈ બીમારી નથી અને તેઓ ક્યારેય તેનાથી પીડાયા નથી. સંશોધકો પણ તેમની જુબાનીમાં નિષ્ફળ ગયા છે. આ તીવ્ર ગરમીમાં, સંતલાલ પોતાના શરીરને ઢાંકીને ચારથી પાંચ ધાબળા રાખે છે. જ્યારે તેમને વધુ ઠંડી લાગે છે, ત્યારે તેઓ અગ્નિ પ્રગટાવીને પોતાને ગરમ કરે છે.આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન અમે ખૂબ પરસેવો પાડતા હતા, પરંતુ સંતલાલને એક પણ ટીપું પરસેવો નહોતો નીકળ્યો. સંતલાલ એક એવો અજાયબી છે કે તેમને શિયાળામાં ગરમી અને ઉનાળામાં ઠંડી લાગે છે. તેઓ સવારે ૫ થી ૫ વાગ્યાની વચ્ચે તળાવમાં સ્નાન કરે છે, ક્યારેક આખો દિવસ પાણીમાં રહે છે. વિવિધ અખબારોમાં હેડલાઇન્સ બનાવનારા સંતલાલએ અમને કહ્યું કે તેઓ બાળપણથી જ આવા છે. તેમને ક્યારેય કોઈ બીમારી થઈ નથી. સંતલાલના પરિવારે અમને કહ્યું કે તેઓ કોઈ કામ કરી રહ્યા નથી. આ બધું સાચું છે. સંતલાલ અમને કહે છે કે જિલ્લા વહીવટીતંત્રે તેમનું સન્માન કર્યું છે અને સહાય પૂરી પાડી છે. બહારથી ડોકટરોની એક ટીમ પણ તેમની તપાસ કરવા આવી હતી, પરંતુ તેમના તારણો અનિર્ણિત રહ્યા. સંતલાલ વધુમાં સમજાવે છે કે તેમણે બરફ પર સૌથી લાંબા સમય સુધી સૂતા વ્યક્તિનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે.

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?




**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો –
**"સિટી ન્યૂઝ રાજકોટ"** સુધી!

તમારી સમસ્યાનો
**ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત
**અધિકારીઓ** સુધી પહોંચાડશું

ચૂંટણી હોય કે ન હોય –
**"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે
**આપનો સહકાર જરૂરી**

## વરસાદના પાણીના પ્રવાહને કારણે બની ઘટના

# પાવાગઢ ડુંગર પર પથ્થર ગબડતા 2 યાત્રિકોના મોત : 5ને ગંભીર ઈજા



### પાવાગઢના સરપંચ, સ્થાનિક પોલીસ પ્રશાસન, ફાયર બ્રિગેડ અને બચાવ ટુકડીઓ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગઈ હતી

**સિટી ન્યૂઝ@પંચમહાલ**

પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ગત રાત્રિના ભારે વરસાદ બાદ આજે વહેલી સવારે ૫:૦૦ વાગ્યાની આસપાસ એક હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ છે. માચીથી ડુંગર તરફ જતા માર્ગ પર પાટિયાપુલ નજીક અચાનક એક વિશાળ ભેખડ ધસી પડતાં ભારેખમ પથ્થરો નીચે પસાર થઈ રહેલા યાત્રાળુઓ દબાયા હતા. આ કાળમુખી ઘટનામાં ૨ શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૪ યાત્રાળુઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સમગ્ર યાત્રાધામ પરિસરમાં અફરાતફરી અને ભયનો માહોલ વ્યાપી ગયો છે.

મુસાફરો પર પથ્થરો પડવાની આ ઘટનાની જાણ થતાં જ પાવાગઢના સરપંચ, સ્થાનિક પોલીસ પ્રશાસન, ફાયર બ્રિગેડ અને બચાવ ટુકડીઓ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગઈ હતી. રેસ્ક્યુ ટીમે ભારે જહેમત ઉઠાવીને પથ્થરો નીચે દબાયેલા તમામ યાત્રાળુઓને બહાર કાઢ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાબડતોબ હાલોલની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

બીજી તરફ, મૃતક યાત્રાળુઓના શબોને કાયદેસરની કાર્યવાહી માટે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી અપાયા છે. પ્રાથમિક વિગતો અનુસાર, આ દુર્ઘટના ભોગ બનેલા તમામ મુસાફરો અમદાવાદ અને સુરત જિલ્લાના વતની હોવાનું સામે આવ્યું છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, કુલ ૪ ઈજાગ્રસ્તોમાંથી ૨ લોકોને સામાન્ય ઈજાઓ હોવાથી પ્રાથમિક સારવાર આપીને રજા આપી દેવામાં આવી છે, જ્યારે બાકીના ૨ શ્રદ્ધાળુઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મૃતકોમાં પ્રણવસિંહ છત્રસિંહ પરમાર (ઉંમરઃ ૫૨ વર્ષ, રહે. લલુપુરા, તા. કઠલાલ), ગુણવંતસિંહ ભવાનસિંહ પરમાર (ઉંમરઃ ૪૦ વર્ષ, રહે. લલુપુરા, તા. કઠલાલ)નો સમાવેશ થાય છે. જ્યારે પૃથ્વીરાજ ભુપેન્દ્રસિંહ ડાભી (ઉંમરઃ ૨૮ વર્ષ, રહે. જાલભાઈની મુવાડી, અમદાવાદ), મગનભાઈ રમણભાઈ ડાભી (ઉંમરઃ ૪૮ વર્ષ, રહે. જાલભાઈની મુવાડી, અમદાવાદ), જય અશોકભાઈ કુંભાડિયા (ઉંમરઃ ૧૬ વર્ષ, રહે. કતારગામ, સુરત), જયેશભાઈ ધનજીભાઈ (ઉંમરઃ ૩૧ વર્ષ, રહે. કતારગામ, સુરત)વાળાને ઈજા પહોંચી છે.

## ગોધરાની મેસરી નદી બે કાંઠે; કોઝ-વે બંધ

# ખેડામાં 3 ઈંચ, કડીમાં એક ઈંચ વરસાદ પડયો

**સિટી ન્યૂઝ@ખેડા**

રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી જોર પકડી રહી છે. છેલ્લા બે દિવસથી રાજ્યના છુટાછવાયા જિલ્લાઓમાં વરસાદ નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૭૬ તાલુકામાં ૧ મિમીથી લઈને સાડા ચાર ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. ચોમાસાના આગમન પહેલાં સૌથી વધુ પંચમહાલના હાલોલમાં ૪.૫૭ ઈંચ વરસાદ ખાબકી ગયો છે.આજે પણ વહેલી સવારથી જ છોટા ઉદેપુર, વલસાડ, મહીસાગર, નર્મદા સહિતમાં વરસાદી માહોલ છે. સવારના ૬થી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૪૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ ખેડાના ગળતેશ્વરમાં ૨.૯૧ ઈંચ વરસાદ ખાબક્યો છે.મોડીરાતે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, મહીસાગર, અરવલ્લી, મહેસાણા, દાહોદ, બનાસકાંઠા,



આણંદ, અમરેલી, જામનગર, ભાવનગર, વલસાડ સહિતના જિલ્લાઓમાં સામાન્યથી ભારે વરસાદ ખાબક્યો હતો. ચોમાસાના આગમન પૂર્વે પડેલાં સામાન્ય વરસાદમાં જ કેટલાક શહેરોમાં પાણી ભરાવાની ઘટનાઓ સામે આવી છે. વિરમગામમાં ધોધમાર વરસાદથી નીચાણવાળા અનેક વિસ્તારોમાં રસ્તા પર પાણી ભરાયા હતાં. તો કડીમાં માત્ર ૧ ઈંચ વરસાદમાં ચારે તરફ પાણી-પાણીના દ્રશ્યો સર્જાયા હતાં.

# વીજ કરંટથી મૃત્યુ કેસમાં વીજ કંપની જવાબદાર : ગુજરાત હાઈકોર્ટ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

એક અત્યંત મહત્ત્વપૂર્ણ ચુકાદામાં હાઈકોર્ટે ઠરાવ્યું છે કે,વીજ કરંટથી મૃત્યુ કેસમાં વીજ કંપની સંપૂર્ણપણે જવાબદાર ગણાય, મૃતક પર બેદરકારીનો દોષ કાઢીને કંપની છટકી શકે નહીં. આ કેસમાં કોર્ટ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કંપની લિમિટેડ (GETCO) દ્વારા ૩૧-૧-૨૦૧૨ના રોજ પસાર કરાયેલા ચુકાદાને પડકારતી અપીલની હાઈકોર્ટ સુનાવણી કરી રહી હતી.જેમાં GETCOને ગેમરસિંહ સોઢાના મૃત્યુ માટે દાવો દાખલ થયાની તારીખથી ૯% વાર્ષિક વ્યાજ સાથે રૂ.૯,૪૦,૦૦૦ ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. જોકે હાઈકોર્ટે કંપનીની અપીલ રદ કરી છે.હાઈકોર્ટના જસ્ટિસ જે.સી. દોશીએ આ કેસમાં ચુકાદો આપતાં ઠરાવ્યું છે કે જ્યારે વીજ લાઇન દ્વારા પ્રસારિત થતો કરંટ કોઈ માનવીને ઈજા પહોંચાડે અથવા મૃત્યુ પામે છે અથવા તો અજાણતાં તેના સંપર્કમાં આવે છે ત્યારે પીડિતને વળતર આપવાની સંપૂર્ણ જવાબદારી વીજ કંપનીની છે. વીજ વાયર દ્વારા પસાર થતાં કરંટથી ખતરનાક પરિમાણની સંભાવના હોય છે. વીજ કંપનીની ફરજ છે કે આવી રીતે કરંટ બહાર નીકળતો અટકાવવા માટે તમામ સલામતી પગલાં લે અથવા ખાતરી કરે કે આવા વાયર માનવ માટે જોખમ ઊભું ન કરે. આ કેસની હકીકત મુજબ મૃતક ગેમરસિંહ સોઢા માલધારી (પશુપાલક) તરીકે કામ કરતા હતા.

**રાજકોટ રેન્જની મોટી સફળતા**

# 2.5 કરોડની ખનીજ ચોરી ઝડપાઈ

## સુરેન્દ્રનગરમાં ગેરકાયદેસર ખનન પર રેડઃ 3 હિટાચી, 4 ડમ્પર કબ્જે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય (IPS) રાજકોટ વિભાગ રાજકોટનાઓ દ્વારા રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગેરકાયદેસર પ્રવૃતિ આચરનારા ઈસમો ઉપર અંકુશ લાવવા તથા સરકારની સંપતીને તેમજ કુદરતી સંપતીને નુકશાન કરતા ઈસમો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના કરેલ હોય જે અન્વયે રાજકોટ રેન્જના પોલીસ ઈન્સપેક્ટર અપૂર્વ પટેલ નાઓના માર્ગદર્શન મુજબ રાજકોટ રેન્જના પોલીસ સબ ઈન્સપેક્ટર  પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફ દ્વારા આવા ઈસમોને શોધી કાઢવા જરૂરી વર્કઆઉટ તથા




હ્યુમનસોર્સનો ઉપયોગ કરી રહેલ હતા. દરમ્યાન મળેલ ચોકકસ હકિકત આધારે P.S.I. બી.સી.મીયાત્રા તથા સ્ટાફના ધર્મેન્દ્રસિહ વાઘેલા, રાજદિપસિહ ઝાલા, દિલીપસિહ સિંધવ, ફતેસંગ પરમાર, અતુલભાઇ ડાભી તથા ડ્રા. ગોવીંદભાઇ ધાંધળ નાઓએ સુરેન્દ્રનગર જિલ્લાના ધજાળા પો.સ્ટે. વિસ્તારના ગુદીયાવાળા ગામની સીમમાં આવેલ સરકારી ખરાબાની જગ્યામાં કસુરદાર ગભરુ મોગલ ગેરકાયદેસર ખનીજની ચોરી કરતો હોય હકિકત વાળી જગ્યા પરથી હિટાચી મશીન (ત્રણ) તમામની કિ.રૂ.૧,૫૦,૦૦,૦૦૦/- ગણી કબ્જે કરેલ છે તેમજ ખાલી ડમ્પર (ત્રણ) (૧) વાહન નંબર GJ-૧૩ AX-૯૭૪૫ ડ્રાઈવર જસવંતભાઈ કાળુભાઈ કાંજીયા માલિક અરવિંદભાઈ તેજાભાઈ દેસા, (૨) વાહન નંબર GJ-૧૩ AX-૯૩૮૫ ડ્રાઈવર હાર્દિકભાઈ કાળુભાઈ કાંજીયા માલિક અરવિંદભાઈ તેજાભાઈ દેસાઈ, (૩) વાહન નંબર GJ-૧૩ AX-૮૩૦૮ ડ્રાઈવર હાજર મળેલ ન હતો તે કબ્જે કરેલ છે અને રોડ ઉપરથી કપચી ભરેલા ડમ્પર (એક) (૧) વાહન નંબર DD-૧-X-૯૩૫ક ડ્રાઈવર પિન્ટુ લક્ષ્મણભાઈ નાયકા માલિક જીગરભાઈ ભુપતભાઈ ખેર નાઓ મળી આવતા ઉપરોકત (ચાર) ડમ્પરોની કિ.રૂ.૧,૦૦,૦૦,૦૦૦/- ગણી કુલ કિ.રૂ.૨,૫૦,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ સીઝ કરી ધજાળા પોલીસ સ્ટેશનના સ્ટાફને બોલાવી ખાણખનીજ ના અધિકારીઓને જાણ કરી આગળની કાયદેસરના દંડની કાર્યવાહી કરવા સારુ કસુરદારોને તથા મુદ્દામાલને સોંપી આપવામાં આવેલ છે.

# વોર્ડ નં.4માં મજબુત પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવવા ‘આપ’ની રજૂઆત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પૂર્વ ઝોનમાં વોર્ડ નં.૪માં પાણીની મુશ્કેલી હોવાથી નવી પાણી વિતરણ વ્યવસ્થાનું નેટવર્ક બનાવવા આજે આમ આદમી પાર્ટી દ્વારા મેયર અને સ્ટે.ચેરમેનને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી. આજે આગેવાનોએ રજુઆત કરતા જણાવ્યું હતું કે, વોર્ડ નં.૪માં કુવાડવા રોડ, મોરબી રોડ, સેંટેલાઇટ ચોક વિસ્તાર ઘણા વર્ષોથી વિકાસ પામી રહ્યો છે.રહેણાંક અને કોમર્શિયલ વિસ્તાર સાથે વસ્તી પણ વધી છે અને ભવિષ્યમાં વધુ પાણીની જરૂરીયાત રહેવાની છે. આ સંજોગોમાં ૨૫ થી ૩૦ લીટર ક્ષમતાના ઓવરહેડ ટેન્ક (ઇએસઆર)નું નિર્માણ કરવું જરૂરી છે. સંગ્રહ ક્ષમતા, ફોર્સ સહિતના પ્રશ્નો ઉકેલાય શકે તેમ છે. આ સહિત પમ્પીંગ સ્ટેશન, મોરબી રોડ પર પાણી વિતરણ લાઇનના અપગ્રેડેશન, અંડર ગ્રાઉન્ડ, પાણીના ટાંકાના નિર્માણ, ઇન્ટીગ્રેટેડ વોટર ઇન્ફ્રા. માસ્ટર પ્લાન બનાવવા માંગણી કરવામાં આવી છે.  વોર્ડ નં.૪ના આ તમામ વિસ્તારો માટે માસ્ટર પ્લાન બનાવવા બજેટમાં પણ જોગવાઇ કરવા અને સ્માર્ટ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ દાખલ કરવા ઇન્ચાર્જ રાહુલ ભુવા સહિતના આગેવાનોએ સૂચન કર્યુ છે. આમ આદમી પાર્ટી દ્વારા વોર્ડ નં.૪માં પાણી વિતરણ વ્યવસ્થા માટે મેયર અને ચેરમેનને આવેદનપત્ર પાઠવીને રજુઆત કરાઈ હતી.



તસવીરઃ અક્ષય ગોંડલિયા

# આ સાબરમતી જેલની તોતિંગ દીવાલો પાછળ પણ એક નગર વસે છે તેની ગોપાલને પહેલી વખત ખબર પડી


સલીમ અને ગોપાલ સામાન સાથે પોલીસવાનમાંથી નીચે ઉતર્યા. જેલનાં કેમ્પસમાં આવી રહેલી તમામ વાન પર નિશીની નજર હતી. તેણે વાનમાંથી ઉતરતા ગોપાલને જોયો. તેણે તરત મમ્મીનો હાથ પકડીને ગોપાલ તરફ ઈશારો કર્યો. ગોપાલે સાથે રહેલા પોલીસવાળા તરફ જોયું. પચાસી વટાવી ચુકેલા પોલીસની નજર ગોપાલની વિનંતી પારખી ગઈ. તેણે ગોપાલને કહ્યું, “જલદી મળી લે. મોડુ ન કરતો.”

ગોપાલ મમ્મી-પપ્પા તરફ આગળ વધ્યો. એક પોલીસવાળો તેની સાથે જ હતો. મમ્મીએ ગોપાલને માથાથી લઈ આખા શરીરે હાથ ફેરવી લીધો. જાણે તે સમોસરખો છે કે નહીં, તે ચકાસી રહી હતી. અથવા એ સાબરમતી જેલમાં જાય તે પહેલાં તેને સ્પર્શથી અનુભવવા માગતી હતી. નિશી એક જુદી જ નજરે તેને જોઈ રહી હતી. કદાચ તે પણ ગોપાલને ભેટવા માગતી હતી, પણ સાથે ગોપાલના મમ્મી, પપ્પા અને તેના પપ્પા પણ હતા. તે એવું કરી શકી નહીં.મમ્મીએ પોતાની સાથે લાવેલી થેલી ગોપાલને આપી અને કહ્યું, “બેટા આમાં નાસ્તો છે. પોતાનું ધ્યાન રાખજે. મારો ભગવાન તારી સાથે જ છે. કંઈક રસ્તો તો નીકળશે જ.”મમ્મી એક સાથે ઘણી બધી વાતો કહી રહી હતી. ગોપાલે પપ્પા સામે જોયું. તેમના ચહેરા પર માત્ર લાચારી વર્તાતી હતી. તેમની આંખો જાણે કહી રહી હતી કે, બેટા, મેં બધા જ પ્રયત્ન કર્યા. પણ હું હારી ગયો! હું તને મદદ કરી શક્યો નહીં.ગોપાલે પપ્પાનો હાથ પકડ્યો. તેને ખબર હતી કે, જે ઉંમરે એક બાપને દીકરાની જરૂર હોય, ત્યારે બાપ દીકરાની મદદે ઊભો હતો. પપ્પા અને ગોપાલ વચ્ચે કોઈ સંવાદ થયો નહીં. નિશીના પપ્પાની આંખમાં એક પ્રકારનો ગુસ્સો હતો. કારણ કે તે માની રહ્યા હતા કે, નિશીની જિંદગી ગોપાલે ખરાબ કરી નાખી. એ વાત ગોપાલ એમની આંખોમાં વાંચી શકતો હતો. ગોપાલ પણ માનતો હતો કે, કદાચ નિશીના પપ્પા સાચા છે.

પાછળ રહેલા પોલીસવાળાએ કહ્યું, “ચાલો હવે.” ગોપાલ મમ્મી, પપ્પા અને નિશીના પપ્પાને પગે લાગ્યો. નિશીને કહ્યું, “ધ્યાન રાખજે.” તે પોતાનો સામાન અને મમ્મીએ આપેલી થેલી સાથે સાબરમતી જેલના ઐતિહાસિક દરવાજા તરફ ચાલવા લાગ્યો. જેલની ડોકિયા બારીમાંથી જોઈ રહેલા જેલ પોલીસે તરત નાનો દરવાજો ખોલ્યો. ગોપાલે અંદર પ્રવેશ કરતાં પહેલાં




ફરી એક વાર નજર ફેરવીને બધાંને જોઈ લીધાં.સલીમ અને ગોપાલ જેલની અંદર આવી ગયા હતા. પાલનપુર પોલીસે તેમને મળેલો ઓર્ડર ગેટ પર રહેલા જમાદારને આપ્યો. જમાદારે ગોપાલ અને સલીમના નામની એન્ટ્રી કરી. હવે ગોપાલ જેલની બધી પદ્ધતિથી વાકેફ હતો. પાલનપુર જેલમાં થઈ હતી, એ બધી જ પ્રક્રિયા થઈ. પહેલાં ઝડતી થઈ, સામાન ચેક થયો અને પહેલો દિવસ હોવાને કારણે આફ્ટર બેરેકમાં મોકલી આપવામાં આવ્યા.પાલનપુર જેલની સરખામણીમાં સાબરમતી જેલ બહુ વિશાળ હતી. મેઈન ગેટમાં જમાદારની સામે રહેલાં બોર્ડ પર ગોપાલે જોયું. એમાં પાકા અને કાચા કેદીઓની કુલ સંખ્યા ત્રણ હજાર હતી. સાબરમતી જેલની તોંતિંગ દીવાલો પાછળ એક નગર જેટલા માણસો રહેતા હતા! તેની બહારની કોઈ વ્યકિતને કલ્પના પણ આવે તેવું નહોતું.ગોપાલ અને સલીમ જેલની અંદરના રસ્તા પર આવ્યા. મુખ્ય દરવાજાની બરાબર સામે એક મોટો રસ્તો જતો હતો. રસ્તાની એક તરફ પગદંડી હતી. જેલના નિયમ પ્રમાણે કેદીઓ મુખ્ય રસ્તા પર ચાલી શકતા નહોતા. આ રસ્તો માત્ર જેલના અધિકારીઓ માટે હતો. કેદીઓએ પગદંડી ઉપર જ ચાલવાનું હતું. સાથે રહેલા સાબરમતી જેલના પાકા કામના કેદીએ આ નિયમ ચાલતાં ચાલતાં સમજાવ્યો. રસ્તાની બંને તરફ મોટા ખજૂરીનાં વૃક્ષ હતાં.વીસ ફૂટની તોતિંગ દીવાલ ઉપર ઈલેકટ્રિક વાયરો પસાર થઈ રહ્યા હતા. ગોપાલને મનમાં એક જ પ્રશ્ન ઘુમરાયા કરતો કે, આ દીવાલની બહાર મને ક્યારે જવા મળશે? સલીમ અને ગોપાલને આફ્ટર બેરેકમાં લાવવામાં આવ્યા.



પ્રશાંત દયાળ

ત્યાં રહેલા જમાદારે તેમની એન્ટ્રી કરી. તેમને બિસ્તર, થાળી અને વાટકી આપ્યાં. બંને બેરેકમાં આવીને બેઠા.ગોપાલ સ્વસ્થ દેખાવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, પણ અંદરથી જરાય સ્વસ્થ નહોતો. જ્યારથી સજાનો હુકમ થયો, એનું મન વ્યાકુળ રહેતું હતું. એ માની રહ્યો હતો એના કરતાં જિંદગીમાં બધું ઉલટું જ થઈ રહ્યું હતું. બેરેકમાં તેમના જેવા જ, બીજી જેલમાંથી સજા લઈને આવેલા કેદીઓ હતા. પહેલો દિવસ હોવાને કારણે કોઈ એક બીજા સાથે ખાસ વાત કરતા નહોતા. વાત કરે તો પણ, શેમાં આવ્યો છે? કેટલી સજા છે? એવા જ પ્રશ્ન એકબીજાને પૂછી રહ્યા હતા. ગોપાલ અને સલીમની નવી જિંદગી હવે સાબરમતી જેલમાં પસાર થવાની હતી. હવે રોજ બંધી ખુલી, બંધી થઈ, ઝડતી આવી જેવા શબ્દોના સહારે જીવવાનું હતું.બપોરની બંધી ખુલતાં એક પોલીસવાળો બેરેકમાં આવ્યો. ગેટ પર રહેલા જમાદારને કંઈક પૂછ્યું. જમાદારે ગોપાલ તરફ ઈશારો કર્યો. પેલો પોલીસવાળો બેરેકમાં આવ્યો. ગોપાલ તેને જોતાં જ ઊભો થઈ ગયો. ગોપાલને ખબર હતી કે, જેલમાં પોલીસવાળો નાનો હોય કે મોટો, બહુ મહત્ત્વનો હોય છે. ગોપાલે તેની સામે પ્રશ્નાર્થ નજરે જોયું. તેણે પૂછ્યું, “ગોપાલ?”ગોપાલે માથું હલાવી હા પાડી. પોલીસવાળાએ કહ્યું, “હું નરેન્દ્રસિંહ.”ગોપાલે તેની નેમપ્લેટ તરફ જોયું. નરેન્દ્રસિંહ કુંપાવત લખ્યુ હતું. તેણે કહ્યું, “ભાઈનો ફોન આવ્યો હતો.”ગોપાલ વિચારમાં પડી ગયો કે, આ વળી ભાઈ કોણ? નરેન્દ્રસિંહે તરત કહ્યું, “ગોવિંદભાઈનો. પાલનપુર જેલથી. એમની સાથે વાત થઈ ગઈ છે. કોઈ ચિંતા કરતો નહીં. કંઈપણ કામકાજ હોય તો મને કહેજે.”સાબરમતી જેલમાં જાણે દેવદૂત આવ્યો હોય એવો આનંદ ગોપાલને થયો. તેણે સલીમ સામે જોયું. એના ચહેરા પર પણ આનંદ હતો. ગોવિંદની વગ માટે ગોપાલને માન થયું. ગોપાલના મનમાં કોર્ટ સજા કરશે એવો ડર તો જતો રહ્યો હતો, કારણ કે સજા થઈ ગઈ હતી.

જીવનમાં કંઈક ખરાબ થશે એનો ડર ખરાબ થવા કરતાં વધારે પીડાદાયક હોય છે. પણ હવે ગોપાલની જિંદગીમાં ખરાબ થવા જેવું કંઈ બચ્યું નહોતું. કદાચ એ ડર જતો રહ્યો હોવાને કારણે જ, સાબરમતી જેલમાં પહેલી રાતે ગોપાલને તરત ઊંઘ આવી ગઈ. સવારે બંધી ખુલતાં પહેલાં એની આંખ ખુલી ગઈ હતી. બંધી ખુલે એની રાહ જોઈને ગોપાલ બેઠો હતો. એને ચાવીઓનો જુડો ખખડવાનો અવાજ આવ્યો. તેણે ઊભા થઈને લોખંડની મજબૂત જાળીમાંથી બહારની તરફ જોયું. એક સિપાહી ચાવીઓનો જુડો લઈને આવતો દેખાયો.સિપાહી બેરેક ખોલે તે પહેલાં જ ગોપાલ પોતાના બિસ્તર બેસેલો હતો. હજી મોટા ભાગના કેદીઓ સૂઈ રહ્યા હતા. આફ્ટર બેરેકમાં પણ પાલનપુર જેલની બેરેકની જેમ એક નાનું મંદિર હતું. એમાં એક લાલ બલ્બ સળગી રહ્યો હતો. ગોપાલે એ મંદિર તરફ જોઈ ભગવાનને હાથ જોડ્યા.હજી ગણતરી બાકી હતી. સિપાહી ત્યારે બાકીની બેરેક ખોલવા જતો રહ્યો. ગોપાલ ઊભો થયો અને બેરેકના દરવાજામાં આવીને ઊભો રહ્યો. આકાશ ખુલી ગયું હતું. વહેલી સવારનો પ્રકાશ જાણે એક ઉર્જા આપી રહ્યો હોય, તેવું તેનો લાગ્યું. ગોપાલ જેલમાં હતો છતાં ખબર નહીં, ઘણા વર્ષો પછી તે આ રીતે સવારને જોઈ અને અનુભવી રહ્યો હોય તેવું લાગ્યું.ગોપાલ નળ પાસે આવ્યો અને મોઢું ધોયું. તે આસપાસના માહોલને અનુભવી રહ્યો હતો ત્યારે જ પેલો સિપાહી યાર્ડમાં પાછો આવ્યો. તેણે બૂમ પાડી, “એય... ચાલ અંદર. ગણતરી કરવાની છે.”ગોપાલ બેરેકમાં પાછો આવ્યો. તેણે સૂઈ રહેલા સલીમને ધીમેથી ઢંઢોળ્યો અને કહ્યું, “ઊઠ. ગણતરી કરવાની છે.” સલીમને આશ્ચર્ય થયું કે, ગોપાલ એના કરતાં વહેલો ઊઠી ગયો! બધા કેદીઓ બેબેની કતારમાં જમીન પર ઉભડક બેસી ગયા. પાકા કામનો કેદી તે બેરેકનો ઇન્ચાર્જ હતો. તેણે ગણતરી કરી સિપાહીને આકડો કહ્યો. સિપાહી કાગળમાં નોંધ કરીને જતો રહ્યો. (ક્રમશઃ)





**ન્યાય માટે અન્નનો ત્યાગ**

# વીજલાઈન વળતર મુદ્દે જેતપરના ખેડૂતો આમરણાંત ઉપવાસ પર

## ગાંધીનગર કૂચ બાદ પણ તંત્ર ન જાગતા ખેડૂતો અડગ; અન્નનો ત્યાગ કરી શરૂ કર્યો 'આંદોલન પાર્ટ–2'

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબીના જેતપર ગામે ખેતરોમાંથી પસાર થતી ખાનગી કંપનીની વીજલાઈન અને પોલના યોગ્ય વળતર મુદ્દે ખેડૂતોનો રોષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. તંત્ર અને કંપનીની ઉદાસીનતા સામે આક્રોશ વ્યક્ત કરતા ખેડૂતોએ હવે 'આંદોલન પાર્ટ-૨' ના મંડાણ કર્યા છે, જેમાં ગઈકાલથી ગામના પાંચ અગ્રણી ખેડૂતો અન્નનો ત્યાગ કરી આમરણાંત ઉપવાસ પર ઉતરી ગયા છે. આજે ઉપવાસના બીજા દિવસે પણ ખેડૂતો પોતાની માંગણીઓ પર મક્કમ દેખાઈ રહ્યા છે અને આસપાસના અનેક ગામોના ખેડૂતોએ પણ આ લડતને વ્યાપક સમર્થન જાહેર કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જેતપર ગામમાંથી પસાર થતી વીજ લાઈનને લઈ ખેડૂતો છેલ્લા ઘણા સમયથી કાયદા મુજબના યોગ્ય વળતરની માંગ કરી રહ્યા છે. આ પૂર્વે ખેડૂતો દ્વારા બે વખત ઉગ્ર ચક્કાજામના કાર્યક્રમો આપી વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, પોતાની રજૂઆત સરકાર સુધી પહોંચાડવા મોટી સંખ્યામાં ખેડૂતો ગાંધીનગર કૂચમાં પણ જોડાયા હતા. જોકે, ગાંધીનગર કૂચ બાદ પણ તંત્ર કે કંપની દ્વારા કોઈ સકારાત્મક કાર્યવાહી ન કરવામાં આવતા આ કૂચ નિષ્ફળ નીવડી હતી. આખરે કંટાળેલા ખેડૂતોએ હવે જાતે જ ન્યાયની લડત લડી લેવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.

### રામધુન સાથે આંદોલન તેજ, વળતર ન મળે ત્યાં સુધી હટશે નહીં

ગઈકાલથી શરૂ થયેલા આ આમરણાંત ઉપવાસ દરમિયાન રાત્રે રામધુનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. આંદોલન ચલાવી રહેલા ખેડૂતોએ રોષપૂર્વક જણાવ્યું હતું કે, "જ્યાં સુધી કાયદા મુજબ યોગ્ય વળતર નહીં મળે, ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે અને અમે એક પણ ઈંચ પાછા હટીશું નહીં." બીજી તરફ ખેડૂતોનો આ મિજાજ જોતા આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર બને તેવા પૂરેપૂરા એંધાણ દેખાઈ રહ્યા છે.

# SMCની મેગા રેડ : વાંકાનેરના વઘાસિયા ટોલનાકા પાસેથી 80.86 લાખનો મુદ્દામાલ જપ્ત

## કન્ટેનરના ચોર ખાનામાંથી દારૂની 28,912 બોટલો મળી: રાજસ્થાનનો ડ્રાઈવર ઝડપાયો, સપ્લાયર સહિત ત્રણ સામે ગુનો દાખલ





**સિટી ન્યૂઝ@વાંકાનેર**

રાજ્યમાં દારૂ અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓને નાબૂદ કરવા માટે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમ સતત એક્શન મોડમાં છે. તે અંતર્ગત એસએમસીની ટીમે મોરબી જિલ્લામાં એક મોટી કાર્યવાહી કરીને વાંકાનેરના વઘાસિયા ટોલનાકા પાસેથી વિદેશી દારૂના આખા કન્ટેનરને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પોલીસે આ દરોડા દરમિયાન કુલ ૮૦.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, મોરબી-વાંકાનેર હાઈવે પર આવેલ વઘાસીયા ટોલનાકા નજીક ગાયત્રી ચેમ્બર સામેથી એક શંકાસ્પદ બંધ બોડીનો કન્ટેનર ટ્રક (નંબરઃ NL ૦૧ AC ૨૧૧૮) પસાર થઈ રહ્યો હતો. એસએમસીની ટીમે બાતમીના આધારે આ ટ્રકને અટકાવી તેની સઘન તલાશી લીધી હતી. તપાસ દરમિયાન ટ્રકની અંદર ખાસ રીતે બનાવવામાં આવેલા ચોર ખાનામાંથી જુદી જુદી બ્રાન્ડની નાની-મોટી કુલ ૨૮,૯૧૨ બોટલો વિદેશી દારૂ મળી આવ્યો હતો.

### રાજસ્થાનના સપ્લાયરનું નામ ખૂલ્યું, મંગાવનાર અજ્ઞાત

આ મામલે પોલીસે ટ્રકના ડ્રાઈવર અને માલિક અચલરામ રાજુરામ (રહે. ધીરાસરા, તા. ચોટન, જિ. બાડમેર, રાજસ્થાન) ની ધરપકડ કરી છે. તેની પ્રાથમિક પૂછપરછમાં આ દારૂનો જથ્થો રાજસ્થાનના સીકર ખાતે રહેતા મનીષ શર્મા નામના સપ્લાયરે મોકલ્યો હોવાનું સામે આવ્યું છે. જો કે, મોરબી જિલ્લામાં આ જથ્થો કોણે મંગાવ્યો હતો તેની વિગતો હજુ અકબંધ છે. હાલમાં એસએમસીના અધિકારીની ફરિયાદના આધારે વાંકાનેર સિટી પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલા ડ્રાઈવર, દારૂ મોકલનાર અને મંગાવનાર સહિત કુલ ત્રણ ઈસમો સામે ગુનો નોંધીને પોલીસે આગળની રાબેતા મુજબની તપાસ ચાલુ કરી છે.

### મુદ્દામાલની વિગત

પોલીસે ઘટનાસ્થળેથી નીચે મુજબનો મુદ્દામાલ કબજે કર્યો છે

- વિદેશી દારૂઃ ૫૫,૭૪,૫૨૮ ની કિંમતની ૨૮,૯૧૨ બોટલો
- કન્ટેનર ટ્રકઃ ૨૫,૦૦,૦૦૦ ની કિંમતનું વાહન
- મોબાઈલ ફોનઃ ૧૦,૫૦૦ ની કિંમતના ૩ નંગ
- રોકડ રકમઃ ૧,૦૭૦ રોકડા
- કુલ જપ્ત મુદ્દામાલઃ ૮૦,૮૬,૦૯૮

# રાજકોટમાં ગુજરાત ગેટવે ટૂર એન્ડ ટ્રાવેલ્સના માલિકની પ્રવાસી સાથે 1.38 લાખની છેતરપિંડી

- ટૂર પેકેજ બુક કરાવ્યા બાદ પ્રવાસીઓના હોટેલના બિલ નહીં ચુકવતા નોંધાઈ પોલીસ ફરિયાદ
- કચ્છ, સોમનાથ, દ્વારકા, સાસણમાં હોટલનું ભાડું ગ્રાહકોએ ચૂક્યું: વાહન વ્યવસ્થા પણ ન આપી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના એક ટૂર સંચાલકે ૧૩ સભ્યની ટૂર બુક કર્યા બાદ ગ્રાહક પાસેથી એડવાન્સ નાણા લીધા બાદ પણ રૂ.૧.૩૮ લાખની વધારાની રકમ પડાવી લઈ છેતરપિંડી આપ્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.રાજકોટના ભક્તિનગરમાં રહેતા અમરીત પ્રકાશકુમાર ચૌધરીએ કાલાવડ રોડ પર શિવ આર્કેડમાં ઓફિસ ધરાવતા ગુજરાત ગેટવે ટૂર એન્ડ




ટ્રાવેલ્સ'ના સંચાલક આશિષ ચાવડા સામે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે જેમાં જણાવ્યું હતું કે ૧૩ સભ્યોના પરિવાર માટે ૨.૭૪ લાખમાં કચ્છ, દ્વારકા અને સોમનાથનું પેકેજ બુક કરાવ્યું હતું ભુજ પહોંચતા જ વાહનની વ્યવસ્થા ન હોવાથી પ્રવાસની ખરાબ શરૂઆત થઈ હતી. ત્યાર બાદ હોટેલોમાં બિલ ન ચૂકવાયા હોવાનું સામે આવતા પરિવારે વધારાના ૧,૧૧,૬૯૧ ચૂકવવા પડ્યા હતા. દ્વારકામાં ઓછા રૂમ બુક કરાયા હતા, જ્યારે સોમનાથ અને સાસણ ગીરના રિસોર્ટમાં બિલ ન ભરાતા હોટેલ સંચાલકોએ ગ્રાહકોને અટકાવ્યા હતા. સાસણ ગીરમાં તો મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો ટૂર સંચાલકે છેલ્લે હોટેલ અને ટેન્ટના નામે કુલ ૧,૩૮,૩૬૦ની વધારાની રકમ પડાવી લીધી હતી. પ્રવાસ પરત આવ્યા બાદ ગ્રાહકે રિફંડ માગતા સંચાલકે નુકસાનીનું બહાનું કાઢી નાણાં આપવાનો ઈનકાર કર્યો હતો. હાલ માલવિયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વિંછીયાની પેઢીના ખાતામાં સાયબર ફ્રોડના એક કરોડથી વધુ જમા

### દેશભરમાંથી ફ્રોડની 17 અરજીઓ આવી હતી : ત્રણ સામે નોંધાતો ગુનોઃ આરોપીઓના ખાતામાંથી અન્ય પેઢીઓમાં 1.31 કરોડ ટ્રાન્સફર થયા હતા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સાયબર ફ્રોડના નાણાં જેમના બેન્ક ખાતામાં જમા થયા હોય તેમની વિરૂધ્ધ ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦ અંતર્ગત ગુના દાખલ થઈ રહ્યા છે. જેના ભાગરૂપે રાજકોટ રેન્જના સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં વિંછીયાની શક્તિ એન્ટરપ્રાઈઝ નામની પેઢીના પ્રકાશ રાજેશ મોરવાડીયા, અજેન્દ્ર દિલીપભાઈ ડોડિયા  અને સુનિલ દેવશીભાઈ શેખના ખાતામાં સાયબર ફ્રોડના ૧.૦૬ કરોડ જમા થતાં ફરિયાદ નોંધાવાઈ છે. વિછિયા પોલીસ મથકના કોન્સ્ટેબલ પ્રકાશભાઈ ડાંગરે, નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે વિંછીયાની બેન્ક ઓફ ઈન્ડિયાના એક બેન્ક ખાતામાં દેશભરમાં સાયબર ફ્રોડ જમા થયા હતા. તપાસમાં આ બેન્ક ખાતું વિંછીયાની શક્તિ એન્ટરપ્રાઈઝનું હોવાનું બહાર આવ્યું હતું. જેના ખાતાધારકો તરીકે ત્રણેય આરોપીઓ છે આ આરોપીઓના બેન્ક ખાતામાંથી યુનિસફેર ઈન્ટરનેશનલ પ્રા. લી.ના ખાતામાં ૫૫ લાખ, ટ્રેડ ફુન, ઈન્ટરનેશનલ પ્રા. લીમી.ના ખાતામાં  ૩૪ લાખ અને સાંઈ એન્ટરપ્રાઈઝના ખાતામાં ૪૨ લાખ ટ્રાન્સફર થયા બેન્ક ખાતામાંથી આ ત્રણેય પેઢીઓના ખાતામાં કુલ ૧.૩૧ કરોડ ટ્રાન્સફર થયા હતા. જેમાંથી૧.૦૬ કરોડ સાયબર ફ્રોડના છે.

### કેટરર્સમાં સાથે કામ કરતા પરિચય કેળવ્યો હતો : દુષ્કર્મ અંગે આજી ડેમ પોલીસમાં નોંધાવી ફરિયાદ

# લગ્નની લાલચ આપી દુષ્કર્મ બાદ યુવતીએ બાળકીને જન્મ આપતા પ્રેમીએ તરછોડી દીધી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં લગ્નની લૂણી અને પ્રેમજાળમાં ફસાવી યુવતીઓનું શારીરિક શોષણ કરવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. આવી જ એક ઘટના રાજકોટના આજી ડેમ ચોકડી વિસ્તારમાંથી સામે આવી છે, જ્યાં એક પાખંડી પ્રેમીએ લગ્નની ખોટી લાલચ આપી ૨૩ વર્ષની યુવતી સાથે પોણા બે વર્ષ સુધી અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. એટલું જ નહીં, યુવતીએ એક માસૂમ બાળકીને જન્મ આપ્યા બાદ આ નરાધમ પ્રેમી તેને એકલી અટૂલી મૂકીને ક્યાંક નાસી છૂટ્યો છે.ફરિયાદમાં જણાવ્યા અનુસાર આજી - ડેમ ચોકડી પાસે ગોકુલ પાર્કમાં રહેતી મહિલા અગાઉ ખોડિયાર કેટરર્સમાં કામ - કરતી હતી. આ દરમિયાન ત્યાં ક્યારેક કામ કરવા આવતા ભરત મુળજીભાઈ ચંદ્રપાલ સાથે તેનો પરિચય થયો હતો. ભરતે યુવતીને પોતાની જાળમાં ફસાવી પ્રેમનો દેખાડો કર્યો અને કે.ડી.એમ. ગેસ્ટહાઉસ સહિત ભાડાના મકાનમાં રાખીને તેની સાથે અવારનવાર મરજી વિરુદ્ધ શરીરસંબંધ બાંધ્યા હતા શારીરિક સંબંધોના કારણે ભોગ બનનારને ગર્ભ રહી ગયો હતો અને ગત માર્ચ મહિનામાં તેણે એક બાળકીને જન્મ આપ્યો હતો. જ્યારે પણ પીડિતા લગ્ન માટે દબાણ કરતી, ત્યારે આરોપી ભરત 'રૂપિયા ભેગા થાય એટલે લગ્ન કરીશું' કહીને વાયદા કરતો હતો અને દારૂ પીને ઝઘડા કરતો હતો. દરમિયાન ગત ૩૧ મેના રોજ આરોપી પીડિતાને અને ૩ માસની દીકરીને તરછોડીને ચાલ્યો ગયો હતો.

# ગેરકાયદેસર ટ્યુશન, ડમી શાળાઓ અને ડે-સ્કૂલ દૂષણ મુદ્દે શિક્ષણવિદો મેદાને

» સરકારી શિક્ષકોના ગેરકાયદે ટ્યુશન અને ડમી સ્કૂલો સામે સરકારમાં ઉગ્ર રજૂઆત

» દસ્તાવેજી પુરાવાઓ સાથે શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રીને કડક કાર્યવાહીની માંગ

» સમયબદ્ધ પગલાં નહીં લેવાય તો 'શિક્ષણ બચાવો' આંદોલનની ઉચ્ચારી ચીમકી

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થાને કલંકિત કરતી ગેરરીતિઓ, ગેરકાયદેસર ટ્યુશન ક્લાસીસ, ડમી સ્કૂલો અને ડે-સ્કૂલ જેવી પ્રથાઓ સામે હવે શિક્ષણવિદો અને શૈક્ષણિક સંસ્થાઓએ ખુલ્લો મોરચો માંડ્યો છે. ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશન-ગુજરાત, અમદાવાદ એજ્યુકેશન ગ્રુપ અને રાજ્યના વિવિધ જિલ્લાઓના શૈક્ષણિક સંગઠનોના પ્રતિનિધિઓએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રીને રૂબરૂ રજૂઆત કરી કડક કાર્યવાહીની માંગ ઉઠાવી છે. ફેડરેશને રજૂઆતમાં જણાવ્યું કે, રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ફરજ બજાવતા કેટલાક શિક્ષકો નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરી ખાનગી ટ્યુશન ચલાવી રહ્યા છે. સરકારી પગાર મેળવતા હોવા છતાં વિદ્યાર્થીઓને ફી આધારિત




ખાનગી શિક્ષણ તરફ દોરી જવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. કેટલાક વિસ્તારોમાં તો શાળાના વર્ગખંડો અને શૈક્ષણિક માળખાનો ઉપયોગ પણ ગેરકાયદેસર રીતે ટ્યુશન માટે થતો હોવાનું જણાવાયું છે. ફેડરેશને આ મામલે દસ્તાવેજી પુરાવા, ફોટોગ્રાફ્સ તેમજ સંકળાયેલા શિક્ષકોની વિગતો સરકાર સમક્ષ રજૂ કરી તાત્કાલિક તપાસની માંગ કરી છે.

આવેદનમાં રાજ્યમાં વધી રહેલી ડમી સ્કૂલો અને ગેરકાયદેસર ડે-સ્કૂલ મોડલ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અનેક વિદ્યાર્થીઓ માત્ર બોર્ડ પરીક્ષા માટે જ શાળામાં નોંધાયેલા હોય છે, જ્યારે વાસ્તવિક અભ્યાસ કોચિંગ સેન્ટરોમાં કરવામાં આવે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-૨૦૨૦) ના સુધારાઓને આ પ્રવૃત્તિઓ નિષ્ફળ બનાવી રહી છે. તેથી સરકાર દ્વારા ૧ વિશેષ અભિયાન ચલાવી આવા માળખાઓની ઓળખ કરી કડક પગલાં ભરવા જરૂરી છે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સ મુજબ ગુજરાતમાં કોચિંગ સેન્ટરોના નિયમન માટે તૈયાર થઈ રહેલા કાયદાને ઝડપથી અમલમાં મૂકવાની માંગ કરાઈ છે. ફેડરેશને રાજ્યવ્યાપી સર્વે હાથ ધરી ગેરકાયદેસર ટ્યુશન અને ડમી સ્કૂલોની તપાસ માટે ૧ વિશેષ સમિતિ રચવાની તેમજ ફરિયાદો માટે રાજ્ય સ્તરે ૧ હેલ્પલાઈન અને ઓનલાઈન પોર્ટલ શરૂ કરવાની ભલામણ કરી છે. ફેડરેશનના પ્રમુખ દિલીપસિંહ ગોહિલ સહિતના આગેવાનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે આ લડત કોઈ વ્યક્તિ કે સંસ્થા વિરુદ્ધ નહીં, પરંતુ શિક્ષણ વ્યવસ્થાની શુદ્ધતા માટે છે. જો સરકાર સમયબદ્ધ કાર્યવાહી નહીં કરે તો રાજ્યભરમાં શિક્ષણ બચાવો અભિયાન અને લોકશાહી ઢબે ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે.

# રાજકોટ ઝૂમાં સિંહણ ધારાએ બીજી વખત આપ્યો ત્રણ એશિયાઈ સિંહબાળને જન્મ

## નવા જન્મ બાદ રાજકોટ પ્રાણીઉદ્યાનમાં એશિયાઈ સિંહોની સંખ્યા 17 પર પહોંચી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડૉ. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડૉ. હિરેનભાઈ ખીમાણિયા અને શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી ઓફ ઈન્ડીયાના માર્ગદર્શન મુજબ આધુનીક ઢબે વિકાસ કરાતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે પધારતા હોય છે. દર વર્ષે અંદાજિત ૭.૦૦ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે પધારતા હોય છે. વન્યપ્રાણી વિનીમય યોજના હેઠળ રાજકોટ ઝૂ દ્વારા ભારતના અન્ય ઝૂ પાસેથી જુદી જુદી પ્રજાતીઓના



પ્રાણી-પક્ષીઓ મેળવી ઝૂનો વિકાસ કરવામાં આવે છે.

ઝૂના વેટરનરી અધિકારીઓ અને ટીમ દ્વારા સીસીટીવી મારફતે માતા તથા બચ્ચાંનું ચોવીસ કલાક નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. સિંહણ ધારાએ બીજી વખત બચ્ચાંને જન્મ આપ્યો છે. અગાઉ ડિસેમ્બર-૨૦૨૫માં પણ તેણે બે સિંહબાળને જન્મ આપ્યો હતો. નવા ત્રણ સિંહબાળના જન્મ સાથે રાજકોટ પ્રાણીઉદ્યાનમાં એશિયાઈ સિંહોની કુલ સંખ્યા ૧૭ થઈ ગઈ છે. જેમાં ૪ પુખ્ત નર, ૮ પુખ્ત માદા, ૨ પાઠડા નર અને ૩ નવા જન્મેલા બચ્ચાંનો સમાવેશ થાય છે. રાજકોટ ઝૂમાં કુદરતી જંગલ જેવું નૈસર્ગિક વાતાવરણ ઉપલબ્ધ હોવાથી એશિયાઈ સિંહ અને સફેદ વાઘ જેવા પ્રાણીઓનું સફળ સંવર્ધન થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે કુલ ૫૫ સિંહબાળનો જન્મ નોંધાયો છે. વન્યપ્રાણી વિનિમય યોજના હેઠળ રાજકોટ ઝૂએ દેશના વિવિધ પ્રાણીઉદ્યાનો સાથે પ્રાણી-પક્ષીઓની આપ-લે કરીને સંકલન વધાર્યું છે. હાલમાં રાજકોટ ઝૂમાં ૭૦ વિવિધ પ્રજાતિના કુલ ૬૧૮ વન્યપ્રાણી અને પક્ષીઓ મુલાકાતીઓ માટે પ્રદર્શિત કરવામાં આવે છે. સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના માર્ગદર્શન હેઠળ આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવામાં આવેલા રાજકોટ પ્રાણીઉદ્યાનમાં દર વર્ષે અંદાજે ૭ લાખ મુલાકાતીઓ આવે છે. નવા સિંહબાળના જન્મથી ઝૂમાં મુલાકાતીઓ માટે વધુ એક આકર્ષણ ઉમેરાયું છે.

# સુરક્ષા : ચોમાસા પૂર્વે રાજકોટ ડિવિઝનની મહત્વપૂર્ણ તૈયારી




દ્વારકા–ભીમરાણા સેક્શનમાં વધારાનો જળ નિકાલ માર્ગ તૈયાર, રેલ વ્યવહાર વધુ સુરક્ષિત બનશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ચોમાસા દરમિયાન રેલવે ટ્રેકની સુરક્ષા અને અવિરત રેલ વ્યવહાર સુનિશ્ચિત કરવા પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને દ્વારકા-ભીમરાણા સેક્શનમાં વધારાના જળ નિકાલ માર્ગ (નાળા)નું નિર્માણ કાર્ય પૂર્ણ કર્યું છે. આ કામગીરીથી ભારે વરસાદ દરમિયાન જળભરાવ અને ટ્રેક ધોવાણની સંભાવના ઘટશે.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝનલ વાણિજ્ય પ્રબંધક સુનિલ કુમાર મીનાના જણાવ્યા મુજબ, અતિભારે વરસાદ સમયે પાણીના વધતા પ્રવાહને કારણે ટ્રેક આસપાસ જળભરાવ અને સંરચનાત્મક નુકસાન થવાની શક્યતા રહેતી હોય છે. તેને ધ્યાનમાં રાખીને ૩ મીટર × ૧.૮ મીટર કદનો વધારાનો જળ નિકાલ માર્ગ બનાવવામાં આવ્યો છે.

આ નવી સુવિધા વરસાદી પાણીના પ્રવાહને વધુ સુચારુ બનાવશે અને પાણી નિકાલની ક્ષમતામાં વધારો કરશે. પરિણામે ટ્રેક પર પાણી ભરાવાની તથા સંભવિત ધોવાણની સ્થિતિમાં ઘટાડો થશે અને રેલવે માળખાકીય સુરક્ષા વધુ મજબૂત બનશે.

રાજકોટ ડિવિઝન દ્વારા ચોમાસા દરમિયાન સંવેદનશીલ વિસ્તારો પર વિશેષ નજર રાખવામાં આવી રહી છે અને સુરક્ષા સંબંધિત વિવિધ કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાના જણાવ્યા અનુસાર મુસાફરોને સુરક્ષિત, વિશ્વસનીય અને અવિરત રેલ સેવા ઉપલબ્ધ કરાવવા ડિવિઝન સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને ચોમાસા દરમિયાન જરૂરી તમામ સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

# પોલીસ કમિશનર બ્રજેશ ઝાની અધ્યક્ષતામાં નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ

» એક માસમાં 18.68 લાખથી વધુના ગાંજા, એમડી ડ્રગ્સ સાથે 10 શખ્સોની કરી ધરપકડ




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાની અધ્યક્ષતામાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનરશ્રીએ નશીલા ડ્રગ્સના દુષણથી યુવાનો દૂર રહે તે માટે ખાસ કરીને કોલેજ, યુનિવર્સિટીમાં ડ્રગ્સ અવેરનેસ કેમ્પેઈન કરવા સૂચના આપી હતી. વધુમાં નોડલ અધિકારીઓએ વિશેષ સતર્કતા દાખવી આ પ્રકારની કોઈ પ્રવૃત્તિ જણાય તો પોલીસ વિભાગને જાણ કરવા સૂચના આપી હતી.

ક્રાઈમ વિભાગના ડી.સી.પી. જગદીશ બંગરવાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઈન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરીની માહિતી આપી હતી. જેમાં એક માસમાં ગાંજાના ૩૭ છોડ સહીત રૂ. ૧૭ લાખનો ગાંજો તેમજ રૂ. ૧.૬૮ લાખથી વધુની કિંમતનો મેફેડ્રોન મળીને કુલ રૂ. ૧૮.૬૮ લાખની કિંમતના નશાકારક પદાર્થ ઝડપી ૬ કેસમાં ૧૦ આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હોવાનું માહિતી આપતા જણાવ્યું હતું.

પોલીસ વિભાગ દ્વારા શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તમાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોટપા એક્ટ હેઠળ ૧૩૬ કેસમાં રૂ. ૨૭,૨૦૦ અને મહાનગરપાલિકા દ્વારા ૯૪ કેસમાં રૂ. ૨,૭૫૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હોવાનું જ્યારે એન્ટી ડ્રગ્સ સી.આઈ.ડી. ક્રાઇમ દ્વારા રૂ. ૨ લાખથી વધુની કિંમતનો ૪ કિલો ગાંજાનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હોવાનું બંગરવાએ જણાવ્યું હતું આ તકે મહાનગરપાલિકા, ફૂડ એન્ડ ડ્રગ્સ, આરોગ્ય વિભાગ દ્વારા સર્ચની કામગીરીની વિગત પુરી પાડવામાં આવી હતી. રાજકોટ શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા નશાકારક ડ્રગ્સ અંગે કરવામાં આવેલા જાગૃતિ કાર્યક્રમની માહિતી પુરી પાડવામાં આવી હતી.




# NEET પરીક્ષા માટે ઓખા-ગાંધીનગર વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડશે

» 20 અને 21 જૂને 2 ફેરા માટે ખાસ ટ્રેનનું સંચાલન કરવામાં આવશે

» રાજકોટ, જામનગર અને સુરેન્દ્રનગર સહિતના સ્ટેશનો પર ટ્રેનનું સ્ટોપેજ અપાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા (NEET-૨૦૨૬) માં બેસનારા ઉમેદવારોની સુવિધા અને મુસાફરોની વધારાની માંગને ધ્યાનમાં રાખીને વિશેષ ભાડા પર ઓખા અને ગાંધીનગર કેપિટલ વચ્ચે સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ટ્રેન સંખ્યા ૦૯૫૫૪ ઓખા-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ ૨૦ જૂન ૨૦૨૬, શનિવારના રોજ ઓખાથી વહેલી સવારે ૦૫:૦૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે બપોરે ૧૫:૦૦ વાગ્યે ગાંધીનગર કેપિટલ પહોંચશે.

તેવી જ રીતે, પરત ફરતી વખતે ટ્રેન સંખ્યા ૦૯૫૫૩ ગાંધીનગર કેપિટલ-ઓખા સ્પેશિયલ ૨૧ જૂન ૨૦૨૬, રવિવારના રોજ ગાંધીનગર કેપિટલથી રાત્રે ૨૦:૫૫ વાગ્યે ઉપડશે અને ૨૨ જૂન ૨૦૨૬, સોમવારના રોજ સવારે ૦૬:૪૦ વાગ્યે ઓખા પહોંચશે. આ ટ્રેનમાં સ્લીપર તેમજ સામાન્ય શ્રેણી (જનરલ) ના કોચ રાખવામાં આવ્યા છે.

આ સ્પેશિયલ ટ્રેન માર્ગમાં બંને દિશામાં દ્વારકા, ભાટિયા, ખંભાળિયા, કાનાલુસ, જામનગર, હાપા, પડધરી, રાજકોટ, વાંકાનેર, થાન, મૂળી રોડ, સુરેન્દ્રનગર, વિરમગામ, આંબલી રોડ અને ચાંદલોડિયા બી સ્ટેશનો પર ઊભી રહેશે. જેનાથી સૌરાષ્ટ્રના વિવિધ શહેરોના ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચવામાં મોટી સરળતા રહેશે.

ટ્રેન સંખ્યા ૦૯૫૫૪/૦૯૫૫૩ નું બુકિંગ ૧૯ જૂન ૨૦૨૬ થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC ની સત્તાવાર વેબસાઇટ પર શરૂ કરી દેવામાં આવ્યું છે. મુસાફરો ટ્રેનોના સ્ટોપેજ અને સમયની વધુ માહિતી રેલવેની ઇન્ક્વાયરી વેબસાઇટ પરથી મેળવી શકે છે.

# રાજકોટમાં ભાનુકુમાર મહેતાના 6 પુસ્તકોનું ભવ્ય લોકાર્પણ


## પ્રવીણ પ્રકાશન અને બી ધ ચેન્જ દ્વારા શનિવારે સાહિત્યિક કાર્યક્રમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં સાહિત્યપ્રેમીઓ માટે એક વિશિષ્ટ અને પ્રેરણાદાયક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું છે. સંવેદના-ભક્તિ-પ્રેમ-જ્ઞાન જેવા ૪ મુખ્ય વિષયો પર આધારિત આ સાહિત્યિક કાર્યક્રમમાં પ્રખ્યાત લેખક ભાનુકુમાર મહેતા દ્વારા રચિત ૬ મહત્વના પુસ્તકોનું શનિવારે ભવ્ય લોકાર્પણ યોજાશે.

આ કાર્યક્રમનું આયોજન પ્રવીણ પ્રકાશન અને બી ધ ચેન્જ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. આ સાહિત્યિક સાંજમાં મુખ્ય વક્તા તરીકે જાણીતા નવલકથાકાર, કોલમ લેખક અને ક્રિએટિવ પ્રોડ્યુસર આશુ પટેલ ઉપસ્થિત રહેશે. સાથે જ મુખ્ય અતિથિ તરીકે કડાક સ્ટેટના IAS અધિકારી જ્ઞાનેન્દ્ર ગંગવાર કાર્યક્રમની શોભા વધારશે. જ્યારે વિશિષ્ટ અતિથિ તરીકે વરિષ્ઠ પત્રકાર દિલીપ ભટ્ટ પણ હાજરી આપશે.

આ કાર્યક્રમમાં પેનલ ડિસ્કશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સંજય વાળા, આર. પી. જોષી, ગીતા ગીદા, અશ્વિન શાહ, નગીન દવે, ભરત




ચૌધરી, ડો. નવલ શીલુ, હર્ષ પંડ્યા અને મુકેશ પટેલ જેવા આગેવાનો ભાગ લેશે. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન અભિનયકાર અને હાસ્ય કલાકાર મિલન ત્રિવેદી દ્વારા કરવામાં આવશે.

લોકાર્પિત થનારા પુસ્તકોમાં આધ્યાત્મિકતા, પ્રેમ, જીવનમૂલ્યો અને માનવીય સંવેદનાઓને સ્પર્શતા વિષયો આવરી લેવામાં આવ્યા છે. ભાનુકુમાર




મહેતાના લેખનમાં સરળ ભાષાની સાથે ઊંડા વિચારોનું સંકલન જોવા મળે છે, જે વાચકોને આત્મચિંતન કરવા અને જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા તરફ પ્રેરિત કરે છે.

આ કાર્યક્રમ ૨૦ જૂન ૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૬ વાગ્યે રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન હોલ, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, GIDC, ભક્તિનગર રેલવે સ્ટેશન પાસે, રાજકોટ ખાતે યોજાશે.

આ કાર્યક્રમ માત્ર પુસ્તકોનું લોકાર્પણ નહીં પરંતુ એક સાહિત્યિક યાત્રા છે, જેમાં વિચારોનું મંથન, અનુભવોની આપ-લે અને પ્રેરણાનો સ્ત્રોત મળશે. આયોજકો દ્વારા તમામ સાહિત્યપ્રેમીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. (વધુ માહિતી માટે સંપર્કઃ 81602 60433)

# દેશમાં સૌથી વધુ યોગ શિક્ષકો અને યોગ વર્ગો ધરાવતું રાજ્ય બન્યું ગુજરાત

## યોગ બોર્ડે 6 વર્ષમાં 1.5 લાખ યોગ ટ્રેનર્સ તૈયાર કર્યા : માત્ર એક વર્ષમાં 8 લાખથી વધુ નાગરિકો જોડાયા યોગ શિબિરોમાં

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૬ પૂર્વે ગુજરાતે યોગ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂતે જણાવ્યું છે કે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવના માર્ગદર્શનમાં ગુજરાત આજે દેશમાં સૌથી વધુ યોગ શિક્ષકો અને સૌથી વધુ યોગ વર્ગો ધરાવતું રાજ્ય બની ગયું છે. રાજ્યભરમાં હાલમાં ૪,૯૮૫થી વધુ નિશુલ્ક યોગ વર્ગો કાર્યરત છે, જેમાં દરરોજ અંદાજે ૪થી ૫ લાખ નાગરિકો યોગાભ્યાસ કરે છે.

રાજપૂતે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના યોગને વૈશ્વિક જનઆંદોલન બનાવવાના વિઝનને સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. રાજ્યમાં યોગ



બોર્ડની સ્થાપના બાદ યોગ પ્રવૃત્તિઓને અભૂતપૂર્વ વેગ મળ્યો છે અને આજે યોગ માત્ર વરિષ્ઠ નાગરિકો પૂરતો મર્યાદિત ન રહી બાળકો, યુવાનો, મહિલાઓ, ઉદ્યોગકારો, સરકારી અધિકારીઓ અને વિવિધ વ્યવસાય સાથે જોડાયેલા લોકોની દૈનિક જીવનશૈલીનો ભાગ બન્યો છે.

યોગ બોર્ડે છેલ્લા છ વર્ષમાં ૧.૫૦ લાખથી વધુ પ્રમાણિત યોગ ટ્રેનર્સ તૈયાર કરીને રાજ્યમાં યોગ શિક્ષણનું વિશાળ નેટવર્ક ઊભું કર્યું છે. સાથે જ નાગરિકોને ગુણવત્તાયુક્ત માર્ગદર્શન મળી રહે તે માટે ૭૫૦ યોગ કોચની કાયમી નિમણૂક કરવામાં આવી છે.

રાજ્યવ્યાપી આરોગ્ય જાગૃતિ અભિયાનના ભાગરૂપે વર્ષ ૨૦૨૬ દરમિયાન યોજાયેલી ૭૬૩ યોગ શિબિરોમાં ૮.૦૪ લાખથી વધુ નાગરિકોએ ભાગ લીધો છે. જ્યારે વર્ષ ૨૦૨૦થી અત્યાર સુધી યોજાયેલા 'યોગ સંવાદ' કાર્યક્રમોમાં ૧૨.૧૭ લાખથી વધુ લોકો સહભાગી બન્યા છે.

બાળકો અને યુવાનોમાં સ્વસ્થ જીવનશૈલીના સંસ્કારો વિકસે તે માટે યોજાતા નિશુલ્ક સમર યોગ કેમ્પોમાં છેલ્લા ચાર વર્ષમાં ૭૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા છે. બીજી તરફ, "મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન" અંતર્ગત યોજાયેલા વિશેષ યોગ કેમ્પોમાં ૨૫ હજારથી વધુ નાગરિકોએ ભાગ લઈને સ્થૂળતા સામે સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ લીધો છે.

રાજપૂતે જણાવ્યું કે "હર ઘર યોગ" અને "નિરામય ગુજરાત"ના ધ્યેય સાથે ગુજરાત રાજ્ય યોગ બોર્ડે રાજ્યના દરેક જિલ્લા, તાલુકા અને ગામડાં સુધી યોગને પહોંચાડ્યા છે.

# નિધિ સ્કૂલ દ્વારા સમૂહ વાંચન કાર્યક્રમ





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર મધ્યે આવેલ નિધિ સ્કૂલ દ્વારા આજ રોજ ૧૯ મી જુન સમગ્ર ભારત રાષ્ટ્રમાં "રાષ્ટ્રીય વાંચન દિવસ" તરીકે ઉજવવામાં આવે છે, તે અંતર્ગત નિધિ સ્કૂલના ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ શિક્ષક ગણ દ્વારા સમૂહમાં વાંચન કરીને આ દિવસની ઉજવણી સ્કૂલ ખાતે કરવામાં આવેલ હતી, બધા વિદ્યાર્થી ગણ તેમજ શિક્ષક દ્વારા એક કલાક સમૂહ વાંચન કરેલ હતું, તેમજ વાંચનથી થતા ફાયદાઓ વિશે શિક્ષક ગણ દ્વારા જણાવવામાં આવેલ હતું, તેમજ વિદ્યાર્થીઓએ દરરોજ એક કલાક વાંચન માટે ફાળવશે તેવી પ્રતિજ્ઞા લીધી હતી, સ્કૂલના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને જણાવવામાં આવેલ કે પુસ્તકો આપણા શ્રેષ્ઠ મિત્ર છે.

વાંચનથી મન તંદુરસ્ત બને છે, જો મન તંદુરસ્ત હશે તો તન તંદુરસ્ત બનશે, વર્તમાન સમયમાં બાળકો મોબાઈલ તરફ વધારે જોડાયેલ હોય ત્યારે વાંચનનું મહત્વ પુસ્તકો દ્વારા બાળકોને મોબાઈલથી દૂર કરવા માટેનું શ્રેષ્ઠ વિકલ્પ છે, ત્યારે બધા વિદ્યાર્થીઓ ભાઈ બહેનો વાંચનને પોતાનો શોખ બનાવે તેમ જ મોબાઈલથી દૂર રહે તેની સમજ આપેલ હતી, તેમજ વાંચનનું મહત્વ દરેક વિદ્યાર્થીને ત્યારે જ સમજાય કે જ્યારે તે પુસ્તક વાંચવાનો શરૂ કરે, તેમજ પુસ્તકમાં રહેલ અર્થને સમજી જીવનમાં ઉતારે ત્યારે જ વાંચન સફળ થાય છે, આ સમૂહ વાંચન કાર્યક્રમમાં નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા, ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, સ્કૂલના શિક્ષક ગણ બીના ગોહેલ,કાજલબા ચુડાસમા હર્ષદ રાઠોડ,દ્રષ્ટિ ચાવડીયા,સ્નેહામેમ તેમજ સ્કૂલનો સમગ્ર શિક્ષક ગણ અને વિદ્યાર્થી ગણ જોડાયેલ હતો.

## માર્કેટ અપડેટ્સ

ચંદ્રેશ કોઠારી મો.98250 77269 | પલક કોઠારી મો.94295 77269



| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| TURTLEMINT FINTECH SOLUTIONS | 19/6 | 23/6 | 144 - 152 | 98 | 14,896 |
| WATERWAYS LEISURE TOURISM | 23/6 | 25/6 | 769 - 808 | 18 | 14,544 |
| ADVIT JEWELS | 23/6 | 25/6 | 130 - 138 | 100 | 13,800 |
| CSM TECHNOLOGIES | 24/6 | 29/6 | 107 - 113 | 132 | 14,916 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| LEAPFROG ENGINEERING SERVICES | 17/6 | 19/6 | 21 - 23 | 12000 | 2,76,000 |
| LIOTECH INDUSTRIES | 17/6 | 19/6 | 321 | 800 | 2,56,800 |
| DIKSHA POLYMERS | 17/6 | 19/6 | 112 | 2400 | 2,68,800 |
| CLAY CRAFT INDIA | 17/6 | 19/6 | 193 - 203 | 1200 | 2,43,600 |
| AVIENCE BIOMEDICALS | 18/6 | 22/6 | 196 - 208 | 1200 | 2,49,600 |
| RIYAASAT LIFESTYLE | 18/6 | 22/6 | 102 - 108 | 2400 | 2,59,200 |
| ANUBHAV PLAST | 19/6 | 23/6 | 77 - 80 | 3200 | 2,56,000 |
| SHREEDHAR SPINNERS | 23/6 | 25/6 | 50 - 53 | 4000 | 2,12,000 |
| DHANWEL HYBRID SEEDS | 24/6 | 29/6 | 95 - 99 | 2400 | 2,37,600 |

### આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ટાટા મોટર્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ૧ જુલાઈ, ૨૦૨૬થી તેના કોમર્શિયલ વાહન શ્રેણીમાં ૨.૫ ટકા સુધીના ભાવ વધારાની જાહેરાત કરી છે. આ વધારો મોડેલ અને વેરિએન્ટના આધારે બદલાશે.
- જેબીએમ ઓટો લિ.એ જણાવ્યું છે કે જેબીએમ ઈકોલાઈફ મોબિલિટી પ્રા. લિ. એ સમગ્ર ભારતમાં ઈ-બસ ડેપ્લોય કરવા માટે મોતીલાલ ઓસવાલ અલ્ટરનેટ્સ (એમઓ અલ્ટરનેટ્સ) પાસેથી રૂ.૭૫૦ કરોડનું લાંબા ગાળાનું વ્યૂહાત્મક રોકાણ મેળવ્યું છે.
- બજાજ ઓટો લિ.એ શેર્સ બાયબેક માટે ૨૪ જૂન, ૨૦૨૬ ને રેકોર્ડ ડેટ તરીકે નક્કી કરી છે.
- માન ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા) લિ.એ જણાવ્યું છે કે કંપની અને તેની સ્ટેપ ડાઉન સબસિડિયરી નેશનલ પાઈપ કંપની લિ.ને સ્થાનિક અને વિદેશી ગ્રાહકો પાસેથી વિવિધ પ્રકારના પાઈપ્સની સપ્લાય માટે અનુક્રમે રૂ.૩૦૦ કરોડ અને રૂ.૭૦૦ કરોડના ઓર્ડર મળ્યા છે.
- ભારત ફોર્જ લિ.ની સબસિડિયરી કંપની કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ્સ લિ. એ અને એએમ જનરલે વિશ્વની સેનાઓ માટે વિશિષ્ટ માઉન્ટેડ આર્ટિલરી ગન સિસ્ટમ્સ ઓફર કરવા માટે વ્યૂહાત્મક ભાગીદારી પર હસ્તાક્ષર કર્યા છે.
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ ગુજરાત સરકાર સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. કરારની શરતો અનુસાર કંપની ગુજરાત રાજ્યના આર્થિક વિકાસ તરફ બે વર્ષ દરમિયાન પસંદગીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને રૂ.૧,૦૦,૦૦૦ કરોડ નાણાકીય સહાય પૂરી પાડશે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**